# આધ્યાત્મિક કેડી

તંત્રી - સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

**પરમ શકિત મંત્ર**

**ૐ મા ૐ**




## રાજ્યોગી નરેન્દ્રજી

ૐ
મા
ૐ

ૐ
મા
ૐ

ૐ ભૂર્ભુવ: સ્વ: ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો ન: પ્રચોદયાત ૐ ।।

(વર્ષ ૧૬) એપ્રિલ - ૧૯૯૭ (અંક ૧)

॥ ૐ મા ૐ ॥ ॥ જય ગાયત્રી મા ॥ ॥ ૐ મા ૐ ॥

વર્ષ : ૧૬
અંક : ૧

# આધ્યાત્મિક કેડી

એપ્રિલ
૧૯૯૭

શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ : અમદાવાદ-૩૮૦ ૦૧૫.



વાર્ષિક લવાજમ
ભારતમાં રૂપિયા દસ (૧૦/-)

ૐ

❀ પ્રકાશક ❀
શ્રી કૈલાસબ્હેન એન. પરીખ,
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
'નીલોષા' બંગલો, ત્રિમૂર્તિ
સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ
બંગલા પાસે, ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧ | દિવ્ય સ્વપ્નાનુભૂતિ............................ | ૧ |
| ૨ | મહા-અષ્ટમી-નવરાત્રિ.......................... | ૨ |
| ૩ | ભદ્રેશ્વર ગામે શ્રધ્ધાની અદાલત................ | ૪ |
| ૪ | પાટોત્સવ-નિજાનંદ-પૂ. રાજયોગી નરેન્દ્રજી.... | ૧૧ |
| ૫ | જ્ઞાન બીજ-'તમે અનિવાર્ય નથી જ'........... | ૧૬ |
| ૫ | જ્ઞાન ગોષ્ઠિ-મન-પૂ. રાજયોગી નરેન્દ્રજી....... | ૧૯ |
| ૬ | મારૂં મન અને રાજયોગી..સતીષ ભટ્ટ.......... | ૨૧ |
| ૭ | રાજયોગી નરેન્દ્રજી સહજ ઉપાસનાના ઉદ્દગાતા ........તપસ્વી નાન્દી...... | ૨૨ |
| ૮ | સમાચાર........................................ | ૨૩ |
| ૯ | મહાભારત-પૂજ્યશ્રીનો દ્રષ્ટિકોણ............... | ૨૪ |
| ૧૦ | પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો વિદેશ કાર્યક્રમ... | ટાઈટલ-૩ |
| ૧૧ | પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો વિદેશ કાર્યક્રમ... | ટાઈટલ-૪ |


ૐ મા ૐ

આધ્યાત્મિક કેડી : એપ્રિલ ૧૯૯૭ - R.N. 38405/82

મુદ્રક : ગાયત્રી ટ્રેડર્સ - રાધાવલ્લભજીના મંદિર પાસે, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન નં. : ૩૭ ૮૫ ૦૦

# " દિવ્ય સ્વપ્નાનુભૂતિ "

**( તા. ૨૦ -૯ -૯૬ શુક્રવારે રાધાષ્ટમીની મધ્ય રાત્રિએ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીને થયેલ દિવ્ય સ્વપ્નાનુભૂતિ પૂજ્યશ્રીના જ શબ્દોમાં નીચે પ્રમાણે રજૂ કરી છે.**

સ્વપ્નાનુભૂતિ વર્ણવતાં પહેલાં રાધાષ્ટમીની સંધ્યાએ શ્રધ્ધાચોકમાં ગરબાની રમઝટ જામી હતી. પૂજ્યશ્રીની તિથિ અનુસાર આજે જન્મદિવસ હતો. પૂજ્યશ્રી સાંજે ૬ વાગે સફેદ ઝભ્ભો અને ઑફ વ્હાઈટ કલરનો બ્રીજીસ પરિધાન કરી હિંચકા પર બિરાજમાન થયા હતા. લગભગ સવા સાત વાગે પેન્ટ અને ટી શર્ટ પરિધાન કરીને પૂજ્યશ્રી પુનઃ હિંચકા પર બિરાજમાન થયા. થોડીવાર પછી ચોકમાં ચાલતા ગરબામાં જોડાયા. હાથમાં દાંડિયા, કરતાલ સાથે ગરબા ગાયા. પછી મધ્યમાં એક ઊંચુ ટેબલ રાખી તેના પર ચઢી નિજાનંદની મસ્તીમાં ખોવાઈ ગયા હોય તેમ એકતાન થઈ ગયા. શ્રધ્ધાકુટિરમાં વૃંદાવનના રાસ ગરબાનો માહોલ હતો.

પૂજયશ્રી માતાજીના દાંડિયા સાથે દાંડિયા રાસ રમ્યા. પૂજ્યશ્રીએ જણાવ્યું કે, મને એક ચકચકિત દાંડિયો હવામાં ઝીંકાતો દેખાયો જેની સાથે મારો દાંડિયો અથડાતા મધુર ટંકાર (અવાજ) થયો હતો. લગભગ ૧૦-૧૨ દાંડિયા વગાડી રમ્યા પછી દાંડિયો અદૃષ્ય થઈ ગયો. સર્વે ભક્તો બહુજ આનંદથી પોતાની મસ્તીમાં ઝૂમતા હતાં. સંગીતકારો અને વાદ્યવૃંદે ગરબાની રમઝટ અને સંગીતની સુરાવલીઓમાં સહુને મસ્ત કરી દીધા હતા.

## પૂજ્યશ્રીની સ્વપ્નાનુભૂતિ

હું પલંગમાં સૂતો હતો. માતાજી પધાર્યાં. મને કહે, "ચાલ તૈયાર થઈ જા, આપણે ગરબા રમવા જવાનું છે." સાંજે પહેરેલા સફેદ ઝભ્ભો અને બ્રીજીસ પહેરીને તૈયાર થઈને માતાજી પાસે આવીને ઉભો, એટલી જ વારમાં એક વિશાળ રાજમહેલનો ખુલ્લો ઝાકઝમાળ ચોક દેખાયો. અમે ત્યાં જઈને ઉભાં.

આ વિશાળ ચોકમાં ૨૫ દૈવી સ્ત્રીપુરૂષોની જોડી ગરબે ઘૂમતી હતી. આ દેવ કન્યાઓએ લાલ રંગની ભારતીય ઢબની સાડી અને લાલ બ્લાઉઝ પરિધાન કર્યાં હતાં. ગળામાં માતીની માળા પહેરી હતા. દેવ પુરૂષોએ પીળું પિતાંબર અને લાલ ઝભ્ભો પરિધાન કર્યાં હતાં. હાથના કાંડા અને બાવડા પર લાલ ફૂમતું ઝુલતા રૂમાલ બાંધ્યા હતા. ગળામાં મોતીની માળા પહેરી હતી. બધાજ ૨૫-૩૦ વર્ષના ગૌરવર્ણના દૈદિપ્યમાન વ્યક્તિત્વ ધરાવતા અતિ આકર્ષક લાગતા હતા. માતાજીએ પણ લાલ સાડી ભારતીય ઢબે પરધાન કરી હતી. ગળામાં મોતીની માળા પહેરી હતી. હું જ ફક્ત જુદા વેષ પરિધાન કરેલો જુદો દેખાતો હતો. દિવ્ય સંગીતની સુરાવલીઓ અગમ્ય રીતે રેલાતી હતી. અને એ દિવ્ય સંગીતના તાલે સહુ ઝુમતા હતા, ગરબે ઘૂમતા હતા. ગરબે ઘૂમવાની તેઓની પ્રણાલિ જુદી હતી. તેઓ સર્વે ડાબી બાજુથી ગોળ ફરતા હતા. થોડીવાર અમે (માતાજી અને હું) બહાર ઉભા રહ્યાં, પછી માતાજીએ કહ્યું "આપણે જવાનું છે." અમે પણ ગરબામાં જોડાયા.

થોડીવાર ગરબાની રમઝટ માણ્યા પછી માતાજીએ મને ઉંચકી લીધો અને ઘૂમવા લાગ્યા. તેજ પ્રમાણે દરેક દેવીએ સાથીદાર દેવને ઉંચકીને ઘૂમવા માંડયું. થોડીવાર પછી બધા દેવોને નીચે ઉતારી દીધા, અને મને પણ માતાજીએ નીચે ઉતારી દીધા, અને બધાં સંગીતના સુરમાં પોતપોતાની રીતે નિજાનંદની મસ્તીમાં ઘૂમવા લાગ્યાં, કુદવા લાગ્યા. આ કૂદકો લગભગ એકાદફૂટ જેટલો ઉંચો થતો હતો. બધા પોતપોતાની રીતે ઉંધી બાજુથી ગોળ ફુદરડી ફરતા હતા.

૨૫-૩૦ મીનીટના આ દિવ્યાનંદ પછી સંગીત બંધ થયું. એટલે બધાએ કૂદવાનું બંધ કર્યું, પરંતુ હું તો મારા તાનમા એકલા એકલો ઘૂમ્યા જ કરતો હતો.

પછી જાગી ગયો ત્યારે પણ મારા પગની રીધમ ચાલુજ હતી. જોયું તો ઘડિયાળમાં ત્રણ વાગ્યા હતા.

## મહાઅષ્ટમી - નવરાત્રિ

વીસમી ઓકટોબર મહાઅષ્ટમીનું મહાપાવનકારી પર્વ,

શ્રધ્ધાનું પ્રાંગણ આજે માનવ મહેરામણથી ઓપતું, ઉભરાતું જાય છે. સમગ્ર વાતાવરણ દૈવી સુવાસથી સભર મધમધી રહ્યું છે.

આજે તો મા-બાળની અલૌકિક રાસની રમઝટ દર્શવા, માણવા મળશે. ભક્તોનાં હૈયાં આનંદથી ઝૂમી રહ્યાં છે. સાંજે છ વાગે પૂજ્યશ્રી રાજયોગીજી શ્રધ્ધાકુટિરમાં હિંચકા પર બિરાજમાન થયા. સફેદ કેડીયું અને સફેદ પાયજામામાં શોભતા રાજયોગીજી પૂનમના ચાંદ સમાન શોભતા હતા.

બરાબર સાત વાગે ગરબાની રમઝટ ચાલુ થઈ. બ્હેનો અને બાળાઓ અતિ ઉત્સાહથી ગરબે ઘૂમી રહી હતી. હીંચકા પર નજર પડતાં જ પૂનમની ચાંદની રેલાવતા રાજયોગીજીનો પહેરવેશ ઉગતા સૂરજની આભામાં પલટાઈ ગયો.

બરાબર નવ વાગે રાજયોગીજીએ આગલી રાતે જે ગોલ્ડન કલરના ઝભ્ભો પાયજામાના પહેરવેશ પહેરીને, માતાજી સાથે શ્રધ્ધાના ચોકમાં ગરબો ઘૂમ્યા હતા તે પહેરવેશ પહેર્યો હતો, કેડે કમરપટ્ટોબાંધ્યો હતો અને ખભા પર ગોલ્ડન કલરનો ખેસ નાખ્યો હતો. પૂજ્યશ્રીએ પ્રથમ નવરાત્રિને અનુરૂપ પોતાનું વક્તવ્ય રજૂ કર્યું અને પછી ગાયકવૃંદની વચમાં જઇ પોતાના સ્વરચિત ગરબા ગાયા અને ગવરાવ્યા. ચાલો, આપણે પૂજ્યશ્રીની વક્તવ્ય અને ગરબાનો આસ્વાદ માણીએ.

## નવરાત્રિ તા. ૨૦-૧૦-૯૬

નવરાત્રિ એ શક્તિનું પર્વ છે. આઠમ તે શક્તિના પર્વની ચરમસીમા છે. આધ્યાત્મિક રીતે તમારે જેટલું મેળવવું હોય મેળવી લો.આને અર્થ એવો કે, તમારે જેટલી શક્તિ આધ્યાત્મિકતામાં પ્રાપ્ત કરવી હોય તેટલી કરી લ્યો. આ પર્વને નવરાત્રિ શા માટે કહી ? મારી દષ્ટિએ અને મારા શાસ્ત્ર મુજબ 'નવ' પૂર્ણાંક છે. તેનો ગુણાકાર જ હોઈ શકે. આ શક્તિના પર્વને મૂળભૂત શક્તિશાળી ગણાવવા સારૂં તેનું નામ નવરાત્રિ આપવામાં આવ્યું હોય.

વધુમાં આ શક્તિના દિવસો પણ નવ જ હોય છે. શાસ્ત્રોમાં જે કહ્યું હોય તે પણ મારા મંતવ્ય મુજબ શ્રી રામે રાવણ સાથે જે યુધ્ધ ખેલ્યું તે પણ નવ દિવસનું જ હતું. જેથી દસમા દિવસે રાવણનો શ્રી રામે સંહાર કર્યો. તે દિવસને આપણે વિજયા દસમીના નામે ઉજવીએ છીએ.

પ્રાચીન કાળમાં ઋષિમુનિઓ શક્તિની આરાધના કરતા હતા. અને તે સમયને અનુસરીને તેઓ ફળાહાર અથવા દૂધ ઉપર રહીને શક્તિની આરાધના કરતા. તે સમયમાં ગીચ જંગલો આવેલા હતાં અને વનસ્પતિઓ, ફળ આપતાં વૃક્ષો હતાં અને તેમાં એવા અર્વાચીન ફળ હતાં કે જો દિવસમાં એકજ ફળ એકજ વખત ચોવીસ કલાકમાં આરોગવામાં આવે તો ફરીથી ભોજન લેવાની જરૂર ન પડતી.

અર્વાચીન યુગમાં એવાં ફળો, જંગલો નાશ પામવાની સાથે લુપ્ત થઈ ગયાં છે, જેથી આ યુગમાં માનવીને એક જ વખત દૂધ કે ફળ ખાવાથી તૃપ્તિ થતી નથી માટે શક્તિની આરાધના વખતે ઘરનો

બનાવેલો સાદો સાત્વિક ખોરાક પોતાની રૂચિ અનુસાર લેવો.

શક્તિની આરાધના એટલે શારિરીક બળ મેળવવું એવું નથી; પરંતુ તમારે આધ્યાત્મિક રીતે શક્તિનો સંગ્રહ કરવાનો છે. શક્તિનો સંગ્રહ થયા બાદ તેનો ઉપયોગ બીજાના શ્રેયાર્થે થવો જોઈએ. દા. ત. રાવણે જે શક્તિ મેળવી તેનો ઉપયોગ તેણે અસાત્વિક રીતે કર્યો અને છેતરપીંડી કરી. તેવી જ રીતે હાલમાં સંસારના માનવીઓએ પોતાની શક્તિ મુજબ જે કંઇ શક્તિ પ્રાપ્ત કરી હશે તેનો ઉપયોગ ખાસ કરીને છેતરપીંડી કરવામાં વાપરે છે. મારી અત્રે ઉપસ્થિત સર્વે જનોને વિનંતી છે કે તમે પોતે તમારી જાતે જ મૂલ્યાંકન કરજો કે કેવી રીતે તમે છેતરપીંડી કરો છો. છેતરપીંડીનો અર્થ એવો નથી કે તમો બધાં કોઈનું અણહક્કનું લઈ લ્યો છો પરંતુ તેનો અર્થ એવો છે કે સવારથી રાત્રિ સુધીમાં જે કંઈ બનાવો બને છે તેમાં તમે વાણી, વર્તન અને વ્યવહારમાં તમારા પોતાના કુટુંબના સભ્યો, મિત્ર વર્તુળ સાથે જાણ્યે અજાણ્યે છેતરપીંડી કરતા રહો છો. આનો ખ્યાલ પોતાને આવતો નથી અને જ્યારે ખ્યાલ આવે છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે.

અત્યારે આ સાંભળીને પોતાના માથા પરથી બીજાના માથા પર આ હકીકત પસાર કરશે અને એમ કરતાં તે હકીકત દરવાજાની બહાર નીકળી જશે. પરંતુ વાસ્તવિકતામાં અત્રે બેઠેલામાંથી કોઈપણ વ્યક્તિ આ હકીકતથી વંચિત નથી. માટે જો આ દૂર્ગુણ બંધ કરવો હોય તો રાતના સૂતી વખતે પોતાની જાતે આખા દિવસના બનેલા બનાવોનું મૂલ્યાંકન કરજો તો તમને પોતાને ખ્યાલ આવશે કે હું કયાં ઉભો રહ્યો છું. અને ધીરે ધીરે પોતાને જો સુધરવું હોય તો સુધરવાની તક પ્રાપ્ત થશે.

આજે આસો સુદ આઠમના પવિત્ર પર્વે આપણે બધાંએ સાત્વિક શક્તિ પ્રાપ્ત કરીને આધ્યાત્મિક યાત્રાના પંથે આગળ વધીએ. માતાજીને પ્રાર્થના કરીએ કે શ્રધ્ધાના ચોકમાં સ્થૂળ સ્વરૂપે કે સૂક્ષ્મ રૂપે પધારે અને તેની હાજરીનો પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે અહેસાસ કરાવે.

**"હે માત, (બાળ કહે છે)**
બાળ રાહ જુએ તારી
આભમાંથી આવ અવનિ પરે
સ્વાગત કરૂં, પ્રેમથકી,
બિછાવું પ્રેમ પુષ્પોતણી ચાદર
સિંહાસન અર્પું હૃદય મંદિરમાં,
નયન કેરા દીપ પ્રગટાવું.
વહાવું અશ્રુઓ, ચરણના અભિષેક અર્થે
અર્પવા પ્રસાદ, હસ્ત હાજર
ખડે પગે, ભરૂં ચોકી પહેરો,.
અર્પ્યું આપે, સઘળું તુજને અર્પણ
લે જે, શરણને ચરણમાં તારા.

**હે બાળ, (માતાજી કહે છે)**
નિરખી તુજ પ્રેમને, આવી હું અવનિ પરે,
શ્રધ્ધા મહીં નિવાસ સ્થાન મારૂં,
આવું હું તુજ કાજ,
બન્યું હૃદય કોમળ ફૂલ સરીખું, તુજ કાજ,
આવી છું રમવા શ્રધ્ધા ચોકમાં,
ફરતી રહીશ, રમતી રહીશ,
હસતી રહીશ, તુજને ફેરવતી રહીશ,
રમાડતી રહીશ, હસાવતી રહીશ,
નિહાળીશ ભક્તોને મુજ નજર થકી
હશે પાકો ઝવેરી, નજર એક થાશે,
વાત્સલ્ય ટપકશે, જીંદગી, ઝવેરીની સફળ થાશે,
કાર્ય પૂર્ણ થાતાં, અન્ય કાર્ય અર્થે
નીકળીશ ચૂપચાપ ચાલી,
સુગંધ રેલાશે વાતાવરણમાં

# શ્રધ્ધાની અદાલત

**પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીના પ્રત્યુત્તરો**

ઈડર નજીક ભદ્રેશ્વર ગામે

## મસ્તી યજ્ઞ

તા. ૨૪-૧૧-૯૬ (હેમંતભાઈ ઉપાધ્યાય)

જીવનમાં જન્મથી મનુષ્ય શ્રધ્ધાથી જ જીવે છે. પહેલાં માતામાં શ્રધ્ધા, પિતામાં શ્રધ્ધા, બાળપણમાં મિત્રોમાં શ્રધ્ધા, વિદ્યાર્થી કાળમાં ગુરૂ પર શ્રધ્ધા, યુવાનીમાં પતિ અથવા પત્નિમાં શ્રધ્ધા, અને પુણ્યકાર્યો કર્યા હોય અને સદ્‌ગુરૂની પ્રાપ્તિ થઈ હોય તો સદ્‌ગુરૂમાં શ્રધ્ધા.

શ્રધ્ધાની અદાલત આમંત્રિત કરે છે, સમાજની રૂઢિઓ, વ્યવહારો, આચાર-વિચારો અને સંસ્કારમાં આમૂલ પરિવર્તન લાવનારા 'શ્રધ્ધા દિપકોને'.

આજની શ્રધ્ધાની અદાલતમાં આમંત્રિત કર્યા છે, પવિત્ર ભારતભૂમિના ક્રાંતિકારી સંત, મા ગાયત્રીના પરમ ઉપાસક, પરમ વંદનીય અને સદા શ્રધ્ધેય **પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીને.**

ચાલો, આપણે આજની અદાલતમાં પૂજ્ય રાજયોગીજી પરના આરોપોની ચર્ચા કરીએ.

ન્યાયાધીશનો પ્રવેશ અદાલતમાં સર્વ ભાઈબહેનો ઉભા થઈ માન આપે છે.

**શપથ :-** લાલ કપડામાં વિંટાળેલ પુસ્તક પર, રાજયોગીજીનો હાથ મુકાવી બોલાવાય છે.

" હું જે કાંઈ કહીશ, તે શ્રધ્ધાથી અને માતાજીમાં શરણાગત થઈને કહીશ. સમાજમાં કે ભક્તોમાં યશ, કીર્તી કે પ્રતિષ્ઠા માટે કશું નહીં કહું. "

# શ્રધ્ધાની અદાલત

**ભાગ - ૧**

**(૧) પ્રશ્ન :-** આપની પર આરોપ છે કે સમાજના સંતો કે ધર્મગુરૂઓ જ્યારે પોતાના નામની આગળ ૧૦૮, ૧૦૦૮ કે આવાં અન્ય વિશેષણો લગાડે છે ત્યારે આપ આવી સામાન્ય પરંપરાનો ભંગ કરીને સંતસમાજનો વિદ્રોહ કરો છો એ સાચું છે ?

**રાજયોગીજી :-**

પરમતત્વ મહેર કરે,<br>
મા-બાળનો સંગ શોભે.<br>
૧૦૮, ૧૦૦૮ તુચ્છ ભાસે,<br>
વિદ્રોહ નહીં, વિનય શોભે.

**(૨) પ્રશ્ન:-** આપની ઉપચાર પધ્ધતિથી આપ દર્દીને માનસિક તથા શારીરિક ફાયદો અને તે પણ વિનામૂલ્યે કરી આપીને આપ ડૉક્ટરોના દુશ્મન બન્યા છો અને તમને તેમાં આનંદ છે એ સાચું છે ?

**રાજયોગીજી :-**

છું શિસ્તબધ્ધ સૈનિક<br>
હુકમ સેનાપતિનો સર્વોપરિ<br>
દોસ્ત, દુશ્મન, મનનું કારણ<br>
ફરજ એજ મુજ જીવનમંત્ર

**(૩) પ્રશ્ન :-** આપની પાસે કોઈ પદ કે સત્તા નથી છતાંય આપ બહુ મોટા સત્તાધીશ બન્યા છો. આવું શાથી ?

**રાજયોગીજી :-** ચાંદ સુરજ ફરે એકલા
સત્તાધીશ જગત પરે, દિન રાત તણા
છું રાજકુંવર માત તણો
અન્યની નજરોમાં વસતો.

**(૪) પ્રશ્ન :-** એવું કહેવાય છે કે આપના જન્મથી મા ગાયત્રી આપની સંભાળ લેતાં હતાં છતાંય આપે યુવાની સુધી એમને ઓળખવાનો કે મળવાનો ઇન્કાર કરેલો ?

**રાજયોગીજી :-** નથી એકરાર કે ઇન્કાર
છૂપી છૂપી આવે
હેમને હેમ માનવું પડે
બાળ અર્પે ખોબલે ખોબલે
ભરી પ્રેમ માતને.

**(૫) પ્રશ્ન :-** હવે જ્યારે માતાજી આપને વારંવાર અનુભૂતિ કરાવે છે ત્યારે આપ માતાજીને વધારે મજબૂર બનાવો છો એ સાચું છે ?

**રાજયોગીજી : -** આ છે અલૌકિક સબંધ મા-બાળતણો
નથી છાયા આનંદની કે વિષાદની
માનું છું તે જ છે મુજ માલિક
જે કરવું હોય તે કરે.

**(૬) પ્રશ્ન :-** શું એ સાચું છે કે આપ અમદાવાદ, સુરત અને મુંબઈ પ્રત્યે જ વધારે અનુકૂળ બનો છો અને બીજા શહેરોને પૂરતો ન્યાય નથી આપતા.

**રાજયોગીજી :-** જયાં જયાં નજર માતની ફરે
ત્યાં ત્યાં રાજયોગી મુકામ કરે
મુજ મન નથી કોઇ વ્હાલું કે કોઇ દવલું
મુજ મન સર્વ સરીખાં.

**(૭) પ્રશ્ન :-** શું એ સાચું છે કે આપે આપેલ નાનકડા પરમશક્તિ મંત્રથી સ્વર્ગનાં દેવો નારાજ છે ?

**રાજયોગીજી :-** પરમશક્તિ મંત્ર દીધેલ માતે
માનું છું, પરામર્શ કરી હશે
સર્વ દેવો સંગે
રાજી હશે સ્વર્ગના સર્વ દેવો
આશિષ અર્પતા હશે
બાળને, ને ભક્તોને.

**(૮) પ્રશ્ન :-** ગાયત્રી મંત્રથી જ આપ આટલા શક્તિસ્ત્રોત બની શક્યાં તો પરમશક્તિ મંત્રની શી જરૂર હતી.

**રાજયોગીજી :-** આ છે યુગ કોમ્પ્યુટર તણો

માતે અર્પ્યો પરમશક્તિ મંત્ર
સમષ્ટિના શ્રેયાર્થે
બહુજન હિતાય, બહુજન સુખાય.

**(૯) પ્રશ્ન :-** આપની પર આક્ષેપ છે કે આપ ભક્તોને એકજ ઇષ્ટદેવમાં શ્રધ્ધા રાખવાનું કહો છો જ્યારે આપ પોતે ગાયત્રીમાંથી મહાદેવ અને કૃષ્ણ સ્વરૂપમાં બદલાઇ રહ્યા છો.

**રાજયોગીજી :-** ગુલાબ, મોગરો, ચમેલી,
નામો ફુલતણાં
ફુલતણી જાતિ એક
પરમતત્વ એક જ રહે
નામ જૂજવાં ભાસે.

**(૧૦) પ્રશ્ન :-** શું એ સાચું છે કે આપે આપના સેવાયજ્ઞમાં ખૂબજ મદદ કરનારા બ્હેનજીને નોકરીમાંથી રાજીનામું આપવા ફરજ પાડેલી ?

**રાજયોગીજી :-** ખૂદે આપ્યું રાજીનામું નોકરી તણું
સ્વીકાર્યો ભેખ સેવા તણો
છું હિમાયતી સ્વતંત્રતાનો
મદદ બ્હેનજીની સેવાયજ્ઞ કાજે માતનો આદેશ,
નિવૃત્ત થયાં સરકારી નોકરીમાંથી
પ્રવૃત્ત થયાં સમષ્ટિના સેવાયજ્ઞમાં.

**(૧૧) પ્રશ્ન :-** આપની પર એક એવો આરોપ છે કે શ્રધ્ધાકૂટિરમાં આવતાં ભક્તો માટે આપ વિશેષ પ્રેમ રાખો છો.

**રાજયોગીજી :-** વહેપારી છું પ્રેમનો
વહેંચુ પ્રેમને વિશ્વના બજારમાં
હોય શ્રધ્ધા કૂટિર, નિલોષા કે અન્ય સ્થળ
સરખે ભાગે આવે
જો હોય ક્ષમતા, શ્રધ્ધા ને શરણાગતિ.

**(૧૨) પ્રશ્ન :-** આપ જ્યારે ગરબે રમો છો ત્યારે વિશેષ શક્તિ કેવી રીતે પ્રાપ્ત કરો છે ? આપ ગરબામાં વધારે સમય એકલાં શાથી રમો છો ?

**રાજયોગીજી :-** અગોચરમાં નિહાળું માતને
દૃષ્ટિ એક થાયે
જોબનિયાનાં પૂર પ્રગટે
તનમાં અજબ જોમ પ્રગટે
રાહ જોવું ક્યારે પધારે
મુજ માત રમવા મુજ સંગે
એ જ આશે એકલો રમું.

**(શ્રધ્ધાની અદાલત એક નાનકડા વિરામ પછી)**

- - - - - - - - - - - બ્રેક - - - - - - - - - -

## વિરામમાં જાહેરાતો

(૧) ઓ... મા મરી ગઇ...આ દુ:ખ મને કયારે નહી છોડે...

ગભરાવ શાને ?

દુ:ખથી મુક્તિ મેળવવા. મળો રાજયોગીજીને...

શનિ-રવિ અને જાહેર રજાના દિવસો સિવાય-બપોરે ૧૨-૦૦ થી ૨-૦૦

'નિલોષા' ત્રિમૂર્તિ સોસાયટી, ગુલબાઈ ટેકરા, આંબાવાડી, અમદાવાદ.

**ટીન...ટોન...**

(૨) અનેક ઉપાધિઓનો ઉત્તમ ઉપાય એટલે

મેરા જીવન જળ...

નિલોષા પર અને પૂ. રાજયોગીજીના કાર્યયજ્ઞમાં ઉપલબ્ધ...

કોઈપણ શહેરમાં અમારી શાખા નથી...

અમારી હેડ ઓફિસ-નિલોષા, ગુલબાઈ ટેકરા, અમદાવાદ...

**ટીન...ટોન...**

(૩) રડતાં આવો અને હસતાં જાવ...

દુ:ખ મૂકીને સુખને લેતાં જાવ...

દુ:ખની દુકાનના માલિક...પૂ. રાજયોગીજી...

**સમય : બપોરે ૧૨-૦૦ થી ૨-૦૦ નિલોષા અને સાંજે ૬-૩૦ થી ૮-૦૦ શ્રધ્ધામાં.**

**હાં..તેમનો કોઇ ચાર્જ નથી શ્રધ્ધાથી આવો અને શરણાગત થઇ રહો.**

**ટીન...ટોન...**

(૪) શ્રધ્ધાની અદાલત કાર્યક્રમના આયોજકો છે...

શ્રધ્ધાકૂટિરનાં ભક્તો...

મસ્તીયજ્ઞનાં પ્રેમીઓ

સંત સાનિધ્યનાં પુણ્યશાળીઓ તથા મા ગાયત્રીનાં વ્હાલાં બાળકો...

**ટીન...ટોન...**

**આધ્યાત્મિક કેડી**

**આપનું લવાજમ રીન્યુ કરાવી લેશો.**

# શ્રધ્ધાની અદાલત

ભાગ - ૨

**(૧૩) પ્રશ્ન :-** આપ વસ્ત્રોનાં શોખીન છો. સમાજમાં જયારે સંતો અલ્પ વસ્ત્રો ધારણ કરે છે અથવા ભગવાં વસ્ત્રો પહેરે છે ત્યારે આપનો વસ્ત્ર શોખ, સંતોનો વિદ્રોહ નથી ?

**રાજયોગીજી :-** શ્રીરામે ધારણ કર્યાં નથી ભગવાં વસ્ત્રો
શ્રીકૃષ્ણે કદી ધારણ કર્યાં નથી ભગવાં વસ્ત્રો
છતાં પૂજાય છે સદીઓથી લોક હૃદયે
અર્પ્યો છે મા એ રાજયોગ
ધારણ કીધો વેશ, સમકાલિન દેશ સરીખો.

**(૧૪) પ્રશ્ન :-** શું એ સાચું છે કે આપના શરણમાં એકવાર આવનારને આપ સ્નેહના દરિયામાં ડૂબાડી દો છો જેથી એ હંમેશાં પ્રભુપ્રેમી અને ગાયત્રીમય બની જાય.

**રાજયોગીજી :-** માણવા પ્રેમને જાઓ,
ગોકુળની ગલીઓ માંહી
જયાં સર્વત્ર સંભળાશે
કૃષ્ણ, કૃષ્ણ, કૃષ્ણ...
આવો મુજ પાસ સ્નાન કરો, પ્રેમ સાગરમાં
માણો મસ્તી નિજાનંદની...

**(૧૫) પ્રશ્ન :-** આપની પર આરોપ છે કે આપ માનવને માત્ર મા-નવ એટલે કે માતાજી અને નવ સિધ્ધાંતો સ્વીકારવાનો અને અપનાવવાનો આગ્રહ રાખો છો ?

**રાજયોગીજી :-** ચીંધ્યો રાજમાર્ગ પરમતત્વ તણો
રસ્તો બનાવી, સંહાર કરો ષડરિપૂ તણો
સિંચન કરો નીર, મન-વચન-કર્મની પવિત્રતાતણું
આચરણ કરો રાજયોગીના નવ સિધ્ધાંતો
રાજમાર્ગ પર દોડયા જશો પરમતત્વના આવાસમાં,
સ્થાન મળશે, માન મળશે પરમતત્વને પામી જશો...

**(૧૬) પ્રશ્ન :-** એક ગંભીર આરોપ છે કે હજારો વર્ષ જૂની હિંદુ સંસ્કૃતિમાં આમૂલ પરિવર્તન લાવવા માટે આપે આશ્ચર્યજનક આદેશો આપ્યા છે. જેમ કે પરમશક્તિ મંત્ર, માનવતા વ્રત, ચણાનો પ્રસાદ... તો આપના ક્રાંતિમય આધ્યાત્મિક જગત વિષે કાંઇ કહેશો ?

**રાજયોગીજી :-** તમે સર્જી જશો ક્રાંતિ,
મને ડર છે તમારા થી
રાજયોગીનું જગતમાં હોવું
વેદમાતાની આધ્યાત્મિક આતશબાજી-વિરાટનો વૈભવ.
વાત્સલ્યનું વલોણું ખેંચી જગન્માતા
જગતને ૐ મા ૐ નું નવનીત પીરસે
પ્રેમ ઝંકાર, એજ રાજયોગીનો ધર્મ, એજ કર્તવ્ય જગતમાં
એજ જીવન ધબકાર, આનો એક અને અંતિમ અર્થ.. **ક્રાંતિ**

**(૧૭) પ્રશ્ન :-** ગુરૂપૂજનમાં અથવા અન્ય જગ્યાઓએ પણ આપ સન્માનના પ્રતિક તરીકે અપાતા ફૂલહાર સ્વીકારવાની ના પાડો છો. આપ ભક્તોનો ખર્ચ બચાવો છો ? માળીના ધંધા રોજગારને નુકસાન કરો છો કે અન્ય કારણ ?

**રાજયોગીજી :-** આપણી ભોળી ભક્તિની પૂરાણી પરંપરા છે કે ગુરૂ સમક્ષ ફૂલહાર લઇને જવું. આ સઘળું અત્રે વર્જ્ય છે. મારો આદર કરવો હોય તો ફક્ત શ્રધ્ધાના સૂમન સાથે આવો અને હૃદયની ન્યોછાવરી જરૂરી છે, મારા મત મુજબ પુષ્પને હું છોડનું બાળ સમજૂ છું, જેથી ભક્તો, આ ફૂલ માટે ખર્ચ કરે તે મને યોગ્ય લાગતું નથી. માળીના ધંધા માટે મારો કોઇ પ્રતિકાર નથી.

**(૧૮) પ્રશ્ન :-** આપે માત્ર ચણા અને સુખડીના પ્રસાદનો આદેશ કેમ આપ્યો ? જો ખર્ચ જ ગણાતાં હોય, તો મંમરા આનાથી પણ સસ્તા છે.

**રાજયોગીજી :-** ચણા અને સુખડી-તલપાપડીનો પ્રસાદ આરોગ્યની દષ્ટિએ આપવામાં આવેલ છે.

**(૧૯) પ્રશ્ન :-** એક અતિ ગંભીર આરોપ છે કે, ગમે તેવા સંજોગોમાં પણ આપ વ્યથિત નથી સદા સ્મિતમય રહી શકો છો તો આ માતાજીની દયા છે કે કોઈ ઔષધનો ઉપયોગ કરો છો ?

**રાજયોગીજી :-** દેખી ચાંદનીને
સુમનની શાન દેખાઇ
કદી અષાઢ મુદ્રામાં
કદી શ્રાવણની મુદ્રામાં
વસંતી આંખ લાગે છે
વરસતી સ્નેહ મુદ્રામાં...

**(૨૦) પ્રશ્ન :-** બે સ્ત્રીઓ એકબીજા પ્રત્યે, સામાન્ય સંજોગોમાં ઈર્ષ્યા રાખતી હોય આપ કયારેય લક્ષ્મીપ્રિય રહ્યા નથી, હંમેશા ભક્તોના ખર્ચની ચિંતા કરો છો, તો આ ગાયત્રીમાતા અને લક્ષ્મીજીના સંબંધો પર આધારિત નિર્ણય છે કે પોતાનો ?

**રાજયોગીજી :-** ચીર પૂર્યા શ્રી કૃષ્ણે
દ્રૌપદીનાં ભર સભામાં
ચીર પૂરી રહી છે માતેશ્વરી
'બાળને' જીવનતણા બાગમાં
અર્પો પ્રેમ મુજને
માત અર્પે અમી નજર સર્વેને...

**(૨૧) પ્રશ્ન :-** હિંદુ સંસ્કૃતિમાં હજારો વર્ષ જૂનાં શાસ્ત્ર છે. આપણે સહુ શાસ્ત્રમાં આજ સુધી શ્રધ્ધા રાખતાં આવ્યાં છીએ તો આપ દ્વારા નિર્મિત નવા શાસ્ત્રની શું જરૂર છે ?

**રાજયોગીજી :-** નથી કાંઇ શક્તિ મુજની
માત અર્પે મતિ, મુજથી કાર્ય થાતું
જૂનો ઢાંચો બદલવાનો
નવામાં દોરવાનો...

**(૨૨) પ્રશ્ન :-** આપની ઉપચાર પધ્ધતિથી અનેકોને ફાયદા થયા છે, કદાચ્ સ્વાર્થી મનુષ્ય ઉપાધિ નિવારણ પછી આપને ભૂલી પણ ગયા હશે, તો આપ કેવી લાગણી અનુભવો છો ?

**રાજયોગીજી :-** છે નિ:સ્વાર્થ ભાવ મુજ પાસ
નમન તણી પણ નહિં આશ
દુનિયા છે દોરંગી
નિહાળવી રહી...

**(૨૩) પ્રશ્ન :-** આપને શરણે આવતાં પીડિતો (દુ:ખથી, વ્યાધિથી કે ઉપાધિથી) ને આપ હંમેશાં મંત્રજાપ કરવાનું કહો છો. ભલા દુ:ખમાં તો ભગવાન ભજી શકીએ પણ આપના ઉપચારમાં આ પ્રથમ પગથિયાંની શું જરૂર ? કારણ એક ઉપચાર પધ્ધતિ તરીકે જ જો આપની સેવા જોઇએ તો અન્ય ડૉકટરો મંત્રજાપ કરવાનું કહેતા નથી.

**રાજયોગીજી :-** શરણું પરમતત્વનું, એજ સુખની ચાવી
અન્યથા સર્વ ખાલી ટેકા
છું ફિરસ્તો પરમતત્વ તણો
નથી દુન્યવી ડીગ્રીઓ મુજ પાસ
નથી ફુરસદ જોવાની,
ડીગ્રીવાળા શું કરે છે ?

**(૨૪) પ્રશ્ન :-** એક આરોપ છે કે આપની ઉપચાર પધ્ધતિની પ્રસિધ્ધિ માટે આપ કોઇપણ પ્રચાર પધ્ધતિના ઉપયોગની વિરૂધ્ધમાં છો શું આપ ઇચ્છો છો કે વધુ માણસો આનો લાભ ન લે ?

**રાજયોગીજી :-** પરમ તત્વ તણો પ્રચાર
એ જ મુજ કાર્ય
મુજ પ્રચાર
માતતણા હસ્તમાં
પ્રેમી છું માનવીઓનો
પ્રેમ કરતો રહીશ...

**શ્રધ્ધાની અદાલત**

## ન્યાયમુર્તિનો ચુકાદો

તા. ૨૪-૧૧-૯૬

પરમ શ્રધ્ધેય સદા વંદનીય રાજયોગીજીએ આજની અદાલતમાં જે સદાસ્મરણીય પ્રત્યુતરો આપ્યા છો એની આંનદ અને ઉત્સાહથી નોંધ લઉં છું. સૃષ્ટિ પર સ્વાર્થના હેતુથી, પ્રચાર અને પ્રસિધ્ધિ માટે જ પોતાના જ્ઞાન અને પ્રભાવનો ઉપયોગ કરનારા સંતો કરતાં તદ્દન વિરૂધ્ધ માનવતાના હિમાયતી, દુ:ખોને પ્રેમથી સ્વીકારનારા અને ભક્તોનું સદાય ભલું કરનારા પૂજ્ય રાજયોગીજીના શરણમાં રહેવાય એવું આપણે પ્રાર્થીએ.

પરમશક્તિશાળી મા ગાયત્રીને પ્રાર્થના કરીએ કે રાજયોગીજીને એવી શક્તિ આપો કે વિશ્વના ખૂણેખૂણા સુધી માનવતા ફેલાવવા અને દુ:ખદર્દ ઓછા કરવા ફરી શકે અને આધ્યાત્મિક સૃષ્ટિમાં એક ક્રાંતિકારી વિભૂતિ બની નવી સૃષ્ટિના સર્જનમાં સરાહનીય કાર્યપ્રદાન કરી શકે.

આ અદાલત આપને વિનંતી કરે છે કે આપના કાર્યયજ્ઞમાં, સેવાયજ્ઞમાં અને માનવતાયજ્ઞની આડે આવનારા સૌ કોઇને આ અદાલતને હવાલે કરવા. **પરમશક્તિ સૌને સદ્‌બુધ્ધિ આપે.**

ૐ મા ૐ

## પાટોત્સવ

તા. ૯-૧૨-૯૬ શ્રધ્ધાનું પ્રાંગણ આજે દિવ્યતાથી વિશેષ ઓપતું હતું, મંદારની સુવાસથી સમગ્ર વાતાવરણ મહેંકી રહ્યું હતું. માતાજીને શ્રધ્ધામાં નિવાસ કરે આજે આઠમું વર્ષ બેઠું.

'પાટોત્સવ' ઉજવવાનો અને 'મા'ની ઉપસ્થિતિની દિવ્યતા, ભવ્યતાનો અહેસાસ કરવા ભક્ત સમુદાય ત્રણ વાગ્યાથી કુટિરમાં પોતાનું સ્થાન મેળવી લેવા આવી રહ્યો હતો.

બરાબર ચાર વાગે આધ્યાત્મિક યાત્રાનો પ્રારંભ થયો. માતાજીએ સ્વયમ્ યાત્રાની આગેવાની લીધી હોય તેમ વર્તાતું હતુ. સાંજે છ વાગે આધ્યાત્મિક યાત્રાની પૂર્ણાહૂતિ કરી.

પૂજ્ય રાજયોગીજી આજે વિશેષ પરિવેશમાં હિંચકા ઉપર શોભતા હતા. કુટિરનું પ્રાંગણ ભક્ત સમુદાયથી ખીચોખીચ ભરાઇ ગયું હતું પૂજ્યશ્રીનું વક્તવ્ય સાંભળવા સહુ આતુર હતા.

પૂજ્યશ્રીએ પોતાનું વક્તવ્ય-**નિજાનંદ** શરૂ કરતાં પહેલાં પાટોત્સવના સંભારણાંને યાદ કરતાં 'આનંદના ઘોડાપૂર ઉછાળવા માતાજીને પ્રાર્થના કરી, અને પછી...સહુને નિજાનંદની મસ્તીમાં વહેતાં કર્યાં.

## "પાટોત્સવ"

૯-૧૨-૯૬

આવી આજ નવમી ડીસેમ્બર ૧૯૯૬ યાદ આવે નવમી ડીસેમ્બર ૧૯૮૯ પધાર્યા માત રૂમઝુમ કરતાં શ્રધ્ધામાંહી સાત સાત વર્ષો તણાં સૂર્યો ફરકી ગયા આજ ઊગ્યો સૂર્ય, આઠમા વર્ષ તણો, માએ દીધાં અણમોલ સંભારણાં સાત વર્ષ માંહિ. સંભારણાં વાગોળતા વાગોળતા આનંદમાં ડૂબી જાતા વિનંતી માતને, આનંદના ઘોડાપુર મોજાઓ અમ પર ઉછાળતા રહેજો.

## નિજાનંદ

નિજાનંદમાં શો રસ, માણ્યા વગર શી રીતે જાણે ?<br>
અરે ? એમાં મસ્તી શું છે, મસ્તી કરનાર જાણે.<br>
નિજાનંદના સ્વાદ ન ચાખ્યાં, શી રીતે જાણે ?<br>
અરે ? નિજાનંદમાં ભર્યું શું છે, અનુભવ્યું હોય તે જાણે.

નિજાનંદનો જેમને કોઇ અનુભવ નથી, કોઇ જાણકારી નથી, જેમણે એનો સ્વાદ ચાખ્યો નથી તે નિજાનંદને કેવી રીતે સમજી શકે ? નિજાનંદ શું છે. એ તો જેમણે અનુભવ કર્યો હોય તે સમજી શકે, માણી શકે ને સમજાવી પણ શકે.

આજે હું આપને આ નિજાનંદ શું છે ? તે કેવી રીતે પ્રાપ્ત થાય, નિજાનંદ મેળવવા માટે શું કરવું જોઇએ, તે વિશે હું મારા સ્વાનુભવને આધારે સમજાવવા પ્રયત્ન કરીશ.

નિજાનંદ આધ્યાત્મિકતાની સર્વોત્તમ અને સર્વશ્રેષ્ઠ અવસ્થા છે. એ પ્રાપ્ત કરવા માટેની કોઇ જાદુઇ લાકડી કે કોઇ રેસીપી કે કોઇ પધ્ધતિ નથી કે જેના ધ્વારા વ્યક્તિ નિજાનંદને પામી શકે, નિજાનંદ એ તો વ્યક્તિના, જીવન, સંસાર, અને આધ્યાત્મિકતાની અમૂલ્ય ને વિરલ પ્રાપ્તિ છે, સફળતા છે, નિજાનંદ પ્રાપ્ત કરવાની તીવ્ર ઉત્કંઠા ધરાવનારે જાતે જ પોતાના અંતર-મનના ઉંડાણને ખંખેરીને તેની ભૂમિકા બાંધવાની છે. અંતરમન જ જો ખાલીખમ હોય તો તમે મન સાથે શું વાત કરવાના ? તેથી જ ભક્તિ, આધ્યાત્મના પથ પર પગલાં માંડીને આંતરમનને સબુર કર્યું હોય તો જ તેની સાથે ગોષ્ઠિ કરી શકો, અન્યથા નહિં.

ઉપર કહ્યા મુજબ નિજાનંદ એ વ્યકિતના જીવન, સંસારને આધ્યાત્મિકતાની પ્રાપ્તિ છે, મેં નિજાનંદને આધ્યાત્મિકતાની અવસ્થા કહી એટલે તમને થશે કે આધ્યાત્મિકતાની પ્રાપ્તિ તો બરાબર છે પણ જીવન ને સંસારની પ્રાપ્તિ કઇ રીતે ?

માનવીના જીવનમાં-સંસારમાં સરળતા નથી, સુખ નથી, શાંતિ નથી, પોતાના કે બીજાના અવગુણો-દુર્ગુણોને કારણે, પોતાની કે બીજાની ભૂલોને કારણે, માનવીના જીવન-સંસારમાં સુખ, શાંતિ ને સરળતા આવતી નથી, તે દુ:ખ, અશાંતિ કે માત્ર નિષ્ફળતા-પ્રતિકૂળતાનો જ નહિં, નર્યા અંધકારનો પણ અનુભવ કરે છે. પૂર્વના પુણ્યના પ્રતાપે કરીને તે પરમતત્વની પોતાના ઈષ્ટની શરણાગતિ સ્વીકારી લે છે, તેનું સ્મરણ કરે છે. તેના ચરણોમાં નિવેદન કરે છે. આમ કરતાં કરતાં તે થોડી અનુકૂળતા, થોડી પ્રતિકૂળતા, સફળતા-નિષ્ફળતા ભરેલા, સમ-વિશમ કે વિષાદી-વિવાદી વાતાવરણમાં જીવન-સંસારમાં ફંગોળાતા ફંગોળતા આગળ વધ્યા કરે છે, ઘડીક ડૂબંવા લાગે છે, ઘડીક આશા, ઘડીક હતાશા, ઘડીક નિર્બળતા, ઘડીક શક્તિનો સંચાર તો ઘડીક સ્મરણ ઘડીક શરણને ઘડીક શ્રધ્ધાની પળોમાં-લહેરખીઓમાં વહેતો રહે છે. પણ ઈષ્ટનું-પરમતત્વનું શરણ, સ્મરણ એક અદીઠ શક્તિ સદાય એક ફેણધારી નાગની જેમ તેની પાછળ પાછળ ચાલ્યા કરે છે, ને તેનામાં જીવન શક્તિનું સિંચન થતું રહે છે. પરમતત્વના શરણ, ને સાતત્યમાંથી તે દિવ્ય પ્રેરણા ને શક્તિ મેળવતો રહે છે. જીંદગીની પ્રતિકૂળ-નિષ્ફળ-દુ:ખદ-અશાંત ક્ષણો પૂરી થઈ ગયા પછી જે શાંતિ, આનંદ, સુખ, સફળતા કે સરળતાનો અનુભવ કરે છે તેમાં જ તે પરમતત્વની શક્તિના, કૃપાના સહાયના જ નહિ, તેની લીલાના તેની દિવ્યતાના દર્શન કરે છે, ને અંતરમાં-અસ્તિત્વમાં પરમાત્મા માટે જે ભાવ, જે પ્રેમ અનુભવાય છે એ ભાવ, એ પ્રેમ તેજ નિજાનંદ. પરમતત્વના ચરણ-શરણ-સ્મરણમાં જીવન-સંસારની પ્રતિકૂળતા-અનુકૂળતા-સફળતા-નિષ્ફળતા, સુખ-દુ:ખ, શાંતિ-અશાંતિ, આનંદ-વિશાદની ક્ષણોની જે ગોષ્ઠિઓ માંડશો જીવન-સંસારને આધ્યત્મિકતાનું જે સરવૈયું કાઢશો તેમાંથી જ નિજાનંદની પ્રાપ્તિ થશે.

આ ગોષ્ઠિમાંથીજ જીવન-સંસારના લક્ષ વિષે, ગતિ વિષે, ગંતવ્ય વિષે, ધ્યેય વિષે યથોચિત યથાતથ માર્ગદર્શન અંદરથી જ મળશે, જેના આધારે જીવન-સંસારને આધ્યાત્મિકતા ગતિ કરશે. આમ કરતાં કરતાં જીંદગીની જ્યારે એક દિશા મળી જશે ત્યારે એ તરફ ગતિ કરતાં વાર નહિં લાગે. ગતિ વેગીલી બનતાંજ નિજાનંદમાં આપ સ્વયંજ ડૂબી જશો.

પરંતુ, એ માટે તો તમારે આત્મદર્શન કરવું પડે. આત્મનિરીક્ષણ કરવું પડે, આત્મપૃથ્થકરણ કરવું પડે. સત્યનું આચરણ કરવું પડે. દુ:ખીઓનાં આંસુ લૂછવાં પડે, કોઈક પ્રત્યે સહાનુભૂતિ દાખવવી પડે, સાથ-સહકાર આપવો પડે, ક્યારેક કોઈકની સાથે હસવું પડે, સુખી થવું પડે, દોડવું પડે, પડેલા પ્રત્યે અનુકંપા દેખાડવી પડે, પરમતત્વને વિનવવા પડે, ઓળખવા પડે, યાદ કરવા પડે ને એમ કરતાં કરતાં જે અખિલાઈનોં અનુભવ થાય તેજ **નિજાનંદ** તરફ લઈ જાય છે. જીવન, સંસાર ને આધ્યત્મિકતાનું ખંડદર્શન નહિ, પણ સમગ્ર અખંડ દર્શન, જાતે કરેલું-મેળવેલું, દર્શન જ નિજાનંદ તરફદોરી જાય છે.

આમ મન સાથે, આત્મા સાથે, પરમતત્વ સાથે ગોષ્ઠિ કરો, સત્યનું દર્શન થશે, સમર્થન મળશે અને તમે જીવનની વાટમાં, સંસારના સમુદ્રમાં ને પરમતત્વની અલૌકિકતા ને દિવ્યતા ભણી દોડયા જશો, આગળ વધતા જશો, દર્શન મેળવતા જશો, ને જે આનંદ, જે સ્નેહ અનુભવશો, જે શક્તિ અનુભવશો તે

જ નિજાનંદ.

સ્વામી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, મીરાં, નરસિંહ જેવા સાધકોએ નિજાનંદના મીઠા ઘુંટડા પીને આધ્યાત્મમાર્ગના ઉત્તુંગ શિખર સર કર્યા હતા. ભૌતિક ઈન્દ્રિયોથી મળતા ક્ષણિક આનંદના ચટકા કરતાં નિજાનંદની મસ્તીનો આનંદ કયાંક ચડી જાય છે. ભૌતિક સુખ ઈન્દ્રિયોને સુખ આપે છે, સ્થૂળ આનંદ કરાવે છે, પણ નિજાનંદ ઈન્દ્રિયાતીત, વર્ણનાતીત છે. કેવળ અનુભવગમ્ય છે, ને શાશ્વત આનંદ ને સુખ આપનારો છે. જીવન, સંસાર ને આધ્યાત્મિકતામાંથી સૂક્ષ્મ આનંદ મેળવો, સૂક્ષ્મતાને સમજો તો જ નિજાનંદ મેળવી શકશો, અન્યથા કદાપિ નહિં.

જીવન-સંસારમાંથી ભૌતિકતાનો સ્થૂળતાનો પરિહાર કરો, જીવન-સંસારના સુખ માટે ભૌતિકતા સ્થૂળતાનો સ્વીકાર બરાબર છે. પણ એ સુખ મેળવ્યા પછી જીવન-સંસારની સૂક્ષ્મતાને સમજવાનો પ્રયાસ શરૂ કરો અને પછી શું થાય છે તે જુઓ અને અનુભવો.

જીવનના-સંસારના અનુભવો, અશાંતિ, દુ:ખ, પ્રતિકૂળતા દૂર થઈ ગયા પછી પણ પરમતત્વની શરણાગતિને, શ્રધ્ધાને, સ્મરણને વધુ ને વધુ બુલંદ બનાવવાનો પ્રયત્ન કરો ને સાથે સાથે જ પરમતત્વની દિવ્યતા, ભવ્યતા, અલૌકિકતા-વ્યાપકતાને વિરાટતાને-સૂક્ષ્મતાને સમજવાનો-આત્મસાક્ષાત્કાર કરવાનો પ્રયાસ કરો, એમાં લીન બની ડૂબી જાઓ ને તમારા સમસ્ત અસ્તિત્વને એમાં એકાકાર કરી દેશો તો જ નિજાનંદ પ્રાપ્ત થશે.

પરંતુ પરમતત્વમાં અસ્તિત્વ એકાકાર ક્યારે થાય ? ક્યારે થઈ શકે ?

મારી દૃષ્ટિએ નિજાનંદ પ્રાપ્ત કરવા સૌ પ્રથમ પરમતત્વની-તમારા ઈષ્ટની શરણાગતિ સ્વીકારો, શ્રધ્ધાપૂર્વક શુધ્ધ ને સાત્વિક બુધ્ધિથી તેની ઉપાસના કરો, મારા નવ સૂત્રોનું પાલન કરો. તમારી અંદર ડૂબકી મારો. તમારા જ જીવનના બનાવોનું, સંજોગોનું વિશ્લેષણ કરો, તારણ કાઢો, આત્મપૃથક્કરણ કરો. તમારા જીવનનું લક્ષ્ય તમે જાતે જ નક્કી કરો. ને એ તરફ ડગ ઉપાડો તમને પ્રકાશ મળશે જ મળશે. મન, ઈન્દ્રિય, વૃતિઓ, પ્રવૃતિઓ સંયમિત-નિયંત્રિત કરો. તમારું સમસ્ત અસ્તિત્વ તેમના ચિંતનમાં ડૂબાડી દો. આ સમગ્ર ભૌતિક, આધ્યાત્મિક ચિંતનમાંથી પ્રાપ્ત થતું તારણ આત્મ પ્રતીતિ, જીવન ધ્યેયની સ્પષ્ટતા અંદરનો ઉઘાડ, ભાવના ઉદ્‌ભવમાં મનથી તમે અંદર સરી પડશો ને એમાંથી નીપજતો આ લૌકિક-ભૌતિક જગત સાથેની જગત પ્રત્યેની, જીવન અને સંસાર પ્રત્યેની, તમારી વૃત્તિઓ, પ્રવૃત્તિઓ સાથેની જે તે ક્ષણો સાથે તમે નિર્લેપ, વિમુખ અળગા થઇ જશો એ જ વિમુખતા, અલગતા, તમે તમારી જાતને પણ ભૂલી જશો. તમારા સંજોગોને, તમારા સમયને પણ ભૂલી જશો ને અંદર ઉતરીને લીન બની જશો, ને જે આનંદ પ્રાપ્ત થાય તે નિજાનંદ.

બાહ્ય જગતની તમામ પ્રવૃતિઓ-પળોજણોમાંથી આંતર-બાહ્ય સમગ્ર રીતે વિસ્મૃત થઈ જાઓ, એ બધાથી પર થઈ જાઓ, જેને પરિણામે ચિત્ત કેવળ તત્ત્વમાં તદાકાર થઈ જાય છે ત્યારે નિજાનંદ થાયછે.

નિજાનંદનો આવો સ્વાદ ચાખ્યા પછી બીજા બધા સ્વાદ ફિક્કા લાગે છે. નિજાનંદને તેની અલૌકિક અનુભૂતિ તમારી પાસેથી કોઈ છીનવી શકશે નહિં કારણકે નિજાનંદ એ વ્યક્તિની-સાધકની પોતીકી અનુભૂતિ છે, પ્રાપ્તિ છે એમાં કેવળ તે સ્વયં એકલો જ રમમાણ રહે છે, પણ તેના સમ્પર્કમાં આવતી વ્યક્તિને, જો તે વ્યક્તિ ભાવાત્મક રીતે શુધ્ધ, સાત્ત્વિક ને પવિત્ર હોય તો આનંદનો શાંતિનો,

આત્મિયતાનો અહેસાસ કરાવી શકે છે ખરો.

આમ નિજાનંદ એ વિશ્વબંધુત્ત્વની ભાવનાને ચરિતાર્થ કરવામાં વિશેષ જરૂરી છે.

નિજાનંદ એ કોઈ કોઈ વિભૂતિઓને મળતી અમૂલ્ય ભેટ છે. તે મેળવવા માટે તીવ્ર ઈચ્છા, પ્રબળ પુરુષાર્થ ને સૌથી વધુ પરમતત્ત્વની કૃપા જરૂર છે. પરમતત્ત્વની કૃપા હોય તો જ તમે તેની સાથે તદાકારતાનો અનુભવ મેળવી શકો. એવી કૃપા મેળવવામાં તો જીવન સાથે, સંસાર સાથે, મન સાથે, સંજોગો સાથે, પોતાની જાત સાથે સતત ને સતત સંઘર્ષ કરવો પડે છે. પરમતત્ત્વ પ્રત્યેની શ્રધ્ધા, શરણાગતિ ને સ્મરણના સાતત્યને જાળવવા સતત સંઘર્ષ ને પ્રબળ પુરુષાર્થ કરવો પડે છે. આ સંઘર્ષ ને પુરુષાર્થ આંતરભાવ પર, મનોભાવ પર, આધારિત છે. આવા સંઘર્ષ ને પુરુષાર્થને અંતે પરમતત્ત્વની કૃપા મળે છે ને કૃપા મળતાં જ નિજાનંદની મસ્તીમાં વ્યક્તિ-સાધક આખો ને આખો ડૂબી જાય છે ને પછી જીવન પર્યંત તે તેમાંથી બહાર આવવાનું નામ લેતો નથી. જો કે આ બાબત ઘણી વિરલ છે, કારણ કે ઘણી વાર આવા સંઘર્ષ ને પુરુષાર્થમાં જ વ્યક્તિ કે સાધક પાછી પાની કરી નાખે છે. જીવન સંસારના આધ્યાત્મિક પથ પર વ્યક્તિ-સાધક પાછી પાની નહી કરી બેસે તેથી જ સ્વજનોએ, સ્નેહીઓએ, મિત્રોએ, તેના સંપર્કમાં આવતી તમામ વ્યક્તિઓએ એકમેકને સાથ-સહકાર આપવો જરૂરી છે, આત્મીયતા દાખવવી જરૂરી છે. જેથી તેને હિંમત રહે ધીરજ બંધાય, ને તે આગળ ચાલવા શક્તિમાન બને, આગળ વધવાની તેને મનોશક્તિ મળે, કોઈકની મનોશક્તિ આત્મબળ પ્રદીપ્ત કરવાનું ખીલવવાનું કાર્ય તેજ માનવતા તેજ માનવતા વ્રત. એકવાર નિજાનંદની આ કે આવી ચાવી હાથ લાગ્યા પછી તે તમારા આંતરમનનો મૂળભૂત ને અવિભાજ્ય ભાગ બની જાય છે. પછી તો નિજાનંદના સ્વયંભૂ નિરંતર આનંદલક્ષી મનમંદીરમાં દિવ્ય રણકાર કરતી જ રહે છે.

આવા સતત સંઘર્ષને અંતે મનની એકાગ્રતા સધાય છે ને તેથી મારી દૃષ્ટિએ મનની એકાગ્રતા તપ છે. મન એકવાર જીવન-સંસારની સૂક્ષ્મતામાં-પરમતત્ત્વની દિવ્યતા, ભવ્યતા ને અલૌકિકતામાં એકાગ્ર થઈ ગયું કે તે આત્માનો વિકાસ થવા લાગે છે. આત્મ વિકાસ એ મનની વિશાળતા છે. આત્માનો વિકાસ કરવો ને મનની વિશાળતા સાધવી એ પરમ તપ છે. આ વાત જો ધ્યાનમાં રહેશે તો અન્ય પ્રત્યે સમભાવ રહેશે અને બીજાની સાથેના વ્યવહારમાં સમતા રહેશે.

જ્ઞાન અને ભક્તિનું ફળ સર્વાત્મ ભાવ અને આનંદ છે. સર્વમાં એક આત્મા રહેલો છે અને એ આત્મામાં પરમાત્મા બેઠેલો છે. એનું ભાન થવું એ જ્ઞાન છે. અને ભક્તિ ઉપાસના-સ્મરણ કરતાં કરતાં સદા આનંદમાં રહેવું એ ભક્તિનું ફળ છે. વિષાદ, ભક્તિને, ભક્તની શક્તિને ઝીલી શકવા શક્તિમાન નથી. વિષાદની ક્ષણોમાં ભક્તિને ભક્તની શક્તિ ક્ષીણ થાય છે. ખંડીત થાય છે, અવરોધાય છે, આ બાબત ઉચિત નથી, માટે જીવનમાં સંસારમાં ગમે તે વાતાવરણ હોય, ગમે તે પરિસ્થિતિ હોય, બસ, આનંદમાં જ રહો. વિષમ-વિષાદી વાતાવરણ, પરિસ્થિતિમાં પણ તમારો આનંદ જ વાતાવરણની કલુષિતતાને પરિસ્થિતિની વિકટતાને દૂર કરશે ને પરમાત્માની કૃપા, સહાય મેળવશે, કરુણા મેળવશે ને તે તેની લીલા આદરીને, પોતાની પરમ શક્તિ વાપરીને વાતાવરણની, પરિસ્થિતિની નિકટતાને દૂર કરી દેશે. આનંદ એ આત્માનો સ્વભાવ છે. સાચો આનંદ એ આત્માનો જ છે. જે શ્રેષ્ઠ છે. એ શ્રેષ્ઠતાને આંબતાં રહેવું એ જ માનવ જીવનનું પરમ કર્તવ્ય છે. એ જ રીતે બીજાના આનંદમાં ઉમેરો થાય, બીજાને આનંદ

આવે તેવું મન, વચન, કર્મથી કાર્ય કરવું તે પરમતત્વની ઘણી મોટી સેવા છે. પરમ શ્રેય છે. જેમ આત્મા અંદર-બહાર બધે જ છે. તેમ આનંદ પણ અંદર-બહાર બધે જ છે. બહારનો આનંદ સ્થૂળ છે છતાં તેનો પરિહાર ન થવો ઘટે. અંદરનો આનંદ સૂક્ષ્મ છે તેને પ્રાપ્ત કરવા-પ્રગટાવવા સતત પુરુષાર્થ કરતા રહેવું જરૂરી છે.

નિજાનંદની અવસ્થાને સમજવા મારા નવ સૂત્રોનું ઉંડુ અધ્યયન જરૂરી છે. એના ચિંતન થકી તમે આત્મ નિરીક્ષણ કરજો. આત્મ પૃથક્કરણ કરજો. તમે તમારી જાતને, તમારા કાર્યોને, તમારા વાણી, વર્તન, વ્યવહારને તપાસવાનો પ્રયત્ન કરજો. તમને બધા જ જવાબો મળી જશે.

નિજાનંદને પામલો જીવ પોતાના ભૌતિક, આધ્યાત્મિક કાર્યમાં ખૂબ જ નિખાલસતાથી પોતાની રીતે મસ્ત ને વ્યસ્ત બનીને રહે છે. એના મુખ પર સદાય સ્મિત, હાસ્ય ને નિખાલસતા, તેના વાણી, વર્તન, વ્યવહારમાં ઉમંગ, ઉત્સાહ ને તરવરાટ ડોકાયા કરે છે. ઉછાળા માર્યા કરે છે. કૂદા કરે છે. ઝૂમ્યા કરે છે. પણ સંસારી જનો એવાની ક્રૂરતાથી હાંસી ઉડાવે છે. ક્યારેક મનસ્વી, અહંકારી કે એવી કોઇ રીતે વખોડી કાઢે છે. કે તેનું હડહડતું અપમાન પણ કરી બેસે છે. કારણ કે વખોડનાર વ્યક્તિને પેલાની ભીતરમાં ઉમંગ, ઉત્સાહના સર્જાતા તરંગોનો અનુભવતો શું જાણ સુધ્ધાં નથી હોતી ને તેથી તે તેને વખોડે છે. એટલું જ નહિં, એક યા બીજી રીતે તેના કાર્યોમાં અન્તરાય નાખે છે. આ વલણ ઉચિત નથી. તેથી જ ઈર્ષ્યા અહંકારનો પરિહાર કરવાની વાતને હું બુલંદ બનાવતો રહ્યો છું.

મારી દૃષ્ટિએ નિજાનંદ આત્મ સાક્ષાત્કારની અવસ્થા છે. પરમતત્ત્વ સાથેનું માનસિક સાયુજય-સામીપ્ય છે. નિજના સમસ્ત અસ્તિત્ત્વ પર પરમ શક્તિનો પ્રભાવ, ઓથાર ને છાયા છવાઈ જાય છે. ત્યારે નિજાનંદનો અનુભવ થાય છે. અથવા તેને જ નિજાનંદ કહેવાય છે. અંદરથી સતત ઊંડુ સુખ, શાંતિ, આનંદ, સમૃધ્ધિ, સલામતિ, સત્યમૂલક આત્મપ્રતીતિનો રણકાર ગૂંજ્યા ને ઘોળાયા કરે છે. તન, મન, પ્રાણ, બુધ્ધિ, ચિત્ત, સમસ્ત અસ્તિત્ત્વ અહર્નિશ આનંદમાં મસ્ત ને વ્યસ્ત રહે છે. ભૌતિક જગતની વ્યસ્તતાની ક્ષણોમાં પણ ચિત્તના એક સ્તર પર ભૌતિક કાર્ય ચાલતું રહે છે. બીજા સ્તર પર પરમતત્ત્વનો પરમ ભાવ, સ્નેહ વછૂટતો જ રહે છે. અંતર અંતર્યામી સાથે સતત ગોષ્ઠિ માંડીને તેના ભાવાત્મક સાનિધ્યમાં બેસી જ રહે છે, એ ગોષ્ઠિમાં, એ ભાવાત્મક સાનિધ્યમાં પરમાત્માં સાથે સ્નેહની સુંવાળપ પણ હોય છે. પરમતત્ત્વની થયેલી અનુભૂતિઓનો અહેસાસ અંતરપટ પર નાટકના મંચ પર ભજવતા દૃષ્યોની જેમ અનુભૂતિઓની સ્મૃતિ શૃંખલાઓ સતત રણઝણ્યા જ કરે છે ને અસ્તિત્ત્વ તેની વધુ ને વધુ નજીક સરકયા કરે છે.

એમાં સગુણ-સાકાર રૂપનું ઐશ્વર્ય પણ હોય છે, તો નિર્ગુણ-નિરાકાર તત્ત્વ સાથેની કેવળ તદાકારતા પણ હોય છે. સમસ્ત અસ્તિત્ત્વ કેવળ પરમ ભાવમાં લીન બની જાય છે. તત્ત્વ સાથે સંમિલન સધાય છે. સગુણ-નિર્ગુણથી પર કેવળ એક ભાવ, એક પ્રકારનું તાદાત્મ્ય, અદ્વૈત, એકાત્મતા સર્જાય છે. ભીતરમાં કેવળ સાનુકૂળતા, શાંતિનો અનુભવ થાય છે. ક્યાંક સમસ્યાનું નિરાકરણ પણ મળી જાય આવે છે. સમર્થન પણ મળે છે. દિશા પણ મળે છે, ને અંતર-અસ્તિત્ત્વ એ તત્ત્વ તરફ વેગ પકડે છે. મનની-અંતરની, અસ્તિત્ત્વની આ એક સૂક્ષ્મ ભાવ અવસ્થા છે. એ કેવળ અનુભવગમ્ય છે. એને સમજાવી કે બતાવી શકાતી નથી.

જેમ સરિતા કે સાગરમાં તરવા પડેલાને નીરની લહેરો સરકાવ્યા કરે છે તેમ પરમતત્ત્વની સ્મૃતિના સાગરમાં ડૂબેલો જીવ, આત્મા પરમના સ્નેહમાં, આગળને આગળ સતત સરકયા કરે છે. એક તત્ત્વ તેને ખેચ્યાં કરે છે. એ તત્ત્વમાં તે પોતાના મનથી, પોતાની સઘળી ચેતનાથી મસ્ત ને વ્યસ્ત બની રહે છે. પોતાના અંતર પટ પર, પોતાની અસ્તિત્ત્વના પટ પર સર્જાયેલી સરિતાનાં કે સાગરના જળ પટ પર સર્જાતી શાંત, આહલાદક, દર્શનીય લહેરોની જેમ અલૌકિક લહેરીઓ સતત ઉદ્‌ભવ્યા કરે છે.

જેમ હિંચકે ઝૂલતાં ઝૂલતાં એના હિલ્લોળમાંથી નિષ્પન્ન થતી પવનની લહેરીઓ તન, મન, અંતરને શાતા ને આનંદ આપે તેમ એ તત્ત્વ રૂપમાં નિરાકારતામાં નિર્ગુણમાં સમસ્ત અસ્તિત્ત્વ લીન બની જાય છે ને જે આનંદને મસ્તીનો અનુભવ થાય છે તે જ નિજાનંદની મસ્તી ને તે જ નિજાનંદના આનંદની અલકનંદા.

## જ્ઞાન બીજ-વિચાર વૃક્ષ

પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી-ગુરુદવે તેમની કિશોરાવસ્થા ૧૪ થી ૨૦ વર્ષની ઉંમર દરમિયાન કરેલ જ્ઞાન સંગ્રહના જ્ઞાન બીજ શ્રધ્ધા કુટિરમાં વાંચવામાં આવે છે. અને તે જ્ઞાન બીજ માંથી ભક્તો પોતાના વિચારોનું વૃક્ષ સજાવે છે અને તેના મર્મને જીવનમાં અપનાવવાનો પ્રયત્ન કરે છે.

**"તમે અનિવાર્ય નથી જ"**

ૐ
મા
ૐ



ૐ
મા
ૐ

જ્ઞાન બીજ

**બીજ - ૧**

કોઇ પણ પ્રવૃતિમાં તમારી જાતને અનિવાર્ય માનો નહીં. કુટુંબનો મોભ તૂટી પડે કે દેશનો સર્વમાન્ય નેતા ઈશ્વરના દરબારમાં ચાલ્યો જાય તો યે સંસાર ચાલ્યા જ કરે છે. તમારા નાનકડા વર્તુળમાં તમે મહાન હશો પણ ઈશ્વરની અપાર સૃષ્ટિમાં તમારૂં સ્થાન કયાં છે તેનો વિચાર કરશો તો કોઈ પણ દિવસ અભિમાન પ્રગટશે નહિં. અનિવાર્ય તમે નથી જ અને બીજું કોઈ નથી. અવસર મળે ત્યારે સ્થાન સંભાળો, પરંતુ ખસી જવાનો સમય આવે ત્યારે માનભેર ખસી જવાની તૈયારી રાખો. ખાત્રી રાખજો કે જો તન તોડી, દિલ દઇ તમે કામ કરતાં હશો અને તોયે તમને અનિવાર્ય નહી માનતા હો તો બીજાઓ તેમ માનવા પ્રેરાશે જ. અનિવાર્ય છો એમ માનો નહિં પણ એવા બનો ખરા. **(પૂજ્ય ગુરૂદેવ કથિત)**

# વિચાર વૃક્ષ

## (તા. ૧-૪-૯૬ ના રોજ શ્રધ્ધા કૂટિરમાં રજૂ થયેલાં વિચાર ફળો)

**(૧) હેમંતભાઈ :-** જીવન સુધારવાનો એક સુંદર વિચાર અસ્તિત્વ અને વ્યક્તિત્વને પડકાર, મહત્વ મેળવવા માટે લક્ષ્ય નક્કી કરી દૃઢમનોબળ સાથે પુરૂષાર્થ કરવો પડે. મળી ગયેલી મહત્તા ક્ષણ ભગુંર છે. રાજાના કુંવરને મહત્તા મળે એ લાંબી ટકે નહિં. પણ સમાજમાં મહત્ત્વ મેળવવા માટે દિશા-દષ્ટિ-કૃતિ એટલે કે Direction-Vision-Action સજાગ પણે નક્કી કરવા પડે. પોતાની શક્તિઓને ઓળખી પ્રયત્ન કરવો પડે અનિવાર્યતાનું પહેલું પગથિયું છે મહત્વતા સમાજમાં મહત્વતા એક સરખી કોઈની રહેતી નથી. પિતાનું આજે મહત્વ છે, તમે કાલે કમાતા થશો પિતાનું મહત્વ નથી. માતાનું આજે મહત્વ છે. તમે કાલે પત્ની પામશો, માતાનું મહત્વ નથી. આમ સમયથી, સંજોગથી મહત્વ વધે અને ઘટે જેમ પૃથ્વી ફરે છે એમ સમય ફરતો રહે છે. તમારૂં મહત્વ પણ સમય સાથે ઘટતું કે વધતું રહેશે. પરમાત્માએ કોઈને અનિવાર્ય થવા દીધાં નથી. અનિવાર્યતાના અહમ્‌થી દૂર રહો, સદ્‌ગુણો વિકસાવો, ઈશ્વરીય આરાધનાનો સંકલ્પ કરો અને ગુરૂકૃપા પ્રાપ્ત કરો.

**(૨) જસવંતભાઈ :-** આપણે ગમે તે હોદ્દા પર હોઈએ, પણ આપણી જાતને અનિવાર્ય માનવી જોઈએ નહિં. આપણી અનિવાર્યતા બીજા લોકો સમજે તે માટે વાણી-વર્તન-વ્યહારની એકરૂપતા લાવવી જોઈએ. લૌકિક જગતના દરેક કાર્યમાં પરમતત્વને સાથે રાખીને કામ કરીશું તો અહમ્ પ્રવેશી શકશે નહિં. આધ્યાત્મિક જીવનમાં દરેક વ્યક્તિ ઈશ્વરના ગુણગાન, કથા, વાર્તા, સેવા અને આધ્યાત્મિક સાહિત્ય દ્વારા પ્રવૃત્તિ કરતાં હોય ત્યારે ઈશ્વર અનિવાર્ય છે. પૂજ્ય ગુરૂદેવના આદેશ અનુસાર સતત, પુરૂષાર્થ કરવો જરૂરી છે.

**(૩) પ્રતિક્ષાબ્હેન :-** અર્થોપાર્જનના આશયથી જે કાર્યક્ષેત્રમાં કાર્ય કરતાં હોઈએ ત્યાં પુરૂષાર્થને જ મહત્વ આપીએ. સંપૂર્ણ એકાગ્રતા સાથે કાર્ય કરીએ અને આપણને નહિં પણ કાર્યને જ અનિવાર્ય માનીએ. કાર્ય પ્રત્યે સમર્પિત હોઈશું તો બીજાઓની આપણા માટેની માન્યતા બદલાશે. ઈશ્વરની વિશાળ સૃષ્ટિમાં આપણે બિંદુ સમાન છીએ એમ સમજી સદ્‌વર્તનથી પરમતત્વની કૃપાદષ્ટિ અને આશીર્વાદ મેળવીએ અને અંત સમયે, સુખ અને સંતોષ સાથે માનભેર વિદાય થઈએ ક્ષણે ક્ષણે મૃત્યુ તરફ જઈ રહ્યાં છીએ માની જિંદગીને લાંબી નહિં પણ વિશાળ બનાવીએ અને અહમ્ ભાવ કાઢી નાંખીએ આપણા આધ્યાત્મિક માર્ગ પર પૂજ્યશ્રી અનિવાર્ય બન્યા છે.

**(૪) મનિષભાઈ :-** પરમતત્વ રચિત સંસારચક્ર અવિરત ચાલુ રહે છે, જે કાંઈ બને છે તે ઈશ્વરનિર્મિત જ છે. તમારૂં મહત્વ હોય તો તમને બનાવનાર ઈશ્વર પણ મહત્વનો અને અનિવાર્ય છે. તમે પૂર્વ જન્મનું ફળ ભોગવી રહયાં છો. ઈશ્વરની સૃષ્ટિમાં તમારું સ્થાન એક બિંદુ સમાન પણ નથી ત્યારે અહમ્ ત્યજી, તમારી સંપત્તિનો સદ્‌ઉપયોગ વહીવટકર્તા બનીને કરો તમારી આજની પરિસ્થિતિ ઈશ્વરની રહેમ નજર અને સંચિત કર્મોનું ફળ છે. સંસારનું દરેક સુખ ક્ષણિક, ક્ષુલ્લક અને ભ્રામક છે, તેનો અંત નિશ્ચિત અને દુ:ખદ છે માટે ઈશ્વર રચિત મોહજાળને સર્વસ્વ માની તેના અભિમાનમાં રહેવું નહિં. સંસારની નાશવંત સત્તા સાચવવા માટે તમારો સમય પૂરો થતાં ઈશ્વર અન્યને મોકલેછે માટે ઈશ્વરે જે કાર્ય સોંપ્યું છે તેને શ્રધ્ધા પૂર્વક પરિપૂર્ણ કરીએ. અને નવ સિધ્ધાંતોનો અમલ કરીએ.

**(૫) રસેન્દુભાઈ :-** દરેક વ્યક્તિ પોતાને અનિવાર્ય સમજતી હોય છે. આ અજ્ઞાન અહમ્‌માં વધારો

કરતો હોય છે. આમાથી બચવા માટે સામી વ્યક્તિ પર વિશ્વાસ મૂકવો જોઈએ. પોતાની અનિવાર્યતા બીજા સમજે તે માટે બીજાના કાર્યને સમજવાની, શીખવાની અને કરવાની ભાવના પદાકરવી ઘટે. આ સ્ટેજ ઉપર પહોંચાય ત્યારે સહાય કરવાની વૃતિમાં વિકાસ થાય છે.

**(૬) અરવિંદભાઈ :-** મા ભગવતીએ દરેક વ્યક્તિને યથાયોગ્ય શક્તિ અને બુધ્ધિ આપેલ છે. અને તે દરેકને સમાન પ્રેમ કરે છે. જ્યારે આપણે માનીએ કે બીજી વ્યક્તિ આ કાર્ય નહીં કરી શકે ત્યારે આપણે મા ભગવતીએ એનામાં મૂકેલ શક્તિ અને બુધ્ધિનો અનાદર કરી રહ્યા છીએ. અને પ્રભુના અનાદર સાથે હું કોઇપણ પ્રવૃતિ કરૂં તો મને સુખ ક્યાંથી મળે ? આપણે દરેક પ્રવૃતિ સુખ માટે જ કરીએ છીએ એ મૂળમંત્રનો ખ્યાલ ન રાખીએ તો દુ;ખ જ મળે. નિરંતર પ્રવૃતિમાં વ્યકિત જો જળકમળવત્ નિર્લેપ રહેવાની આદત કેળવે તો તે એક પ્રકારની ઉંડી માનસિક શાંતિ અને નિજાનંદનો અનુભવ કરી શકે. આપણી અનિવાર્યતા નથી એમ માનવાથી દરેક વ્યક્તિ પર સરખો વિશ્વાસ રહેશે, તમે સરળ બનશો અને આધ્યાત્મિક ઉત્કર્ષ કરી શકશો.

**(૭) ભરતભાઈ :-** કુદરતનો ક્રમ નિહાળો. ઈશ્વરે જેને જે કાર્ય સોંપ્યુ છે તે પુરી નિષ્ઠાથી કરવું જરૂરી છે. આત્મનિરીક્ષણ કરવાની ટેવ પાડો. પરમતત્વની મરજી જ સર્વોપરિ છે. માટે તેને શરણે રહો. આપણે મહાસાગરના બિંદુ કરતાંય નાના છીએ. પાણીના પરપોટા જેવું માનવ જીવન છે. સમય કિંમતી છે માટે તેનો સદ્ઉપયોગ કરો. સંસાર અને પરમતત્વ વચ્ચે સંતુલન સાધો. સતત જાગૃત રહો દુન્યવી માનવીઓનાં વ્યવહારથી સાવધ રહો, અલિપ્ત રહો અને પવિત્ર બની સરળ રાહ પર ચાલો.

**(૮) રીટાબ્હેન :-** ઈશ્વરે આપણને માત્ર નિમિત્ત બનાવ્યા છે. આપણી પાત્રતા પ્રમાણે રોલ આપ્યો છે. આ રોલમાં ભુલો થશે પણ તેને સુધારીને આપણે વધુ વખાણવા લાયક બનવાનું છે. પૂજ્યશ્રીના નવ સિધ્ધાંતો નો સખતાઇપૂર્વક અમલ કરીએ. અહમ્‌ના ત્યાગથી પાત્રતાની પૂર્ણતાની નજીક જઇએ અને પોતાને અનિવાર્ય નહીં પણ નિમિત્ત સમજીએ.

**(૯) કોશલ :-** પોતાની જાતને અનિવાર્ય માનીને તમારૂં અભિમાન ન બતાવો. અનિવાર્ય એ વસ્તુ કહેવાય જેનો પર્યાય ન હોય. ભૂખ લાગે ત્યારે ખાવા સિવાય પેટ ભરાતું નથી. આપણા કાર્યની પ્રશંસાથી થાય ત્યારે ફુલાઇ ન જવું. શેરને માથે સવાશેર હોય જ છે. અને ત્યારે દુ:ખ થશે. અનિવાર્યનો અર્થ છે. અ-આત્મા, નિ-નિવાસી, વા-વિશ્વ, ર્ય-યોગ્ય. આત્મા નિવાસી વિશ્વાસ કે તમે કંશું કરવા યોગ્ય છો.

**(૧૦) પૂજ્ય ગુરૂદેવ :-** સૂર્ય અને ચંદ્ર આખા વિશ્વની સેવા કરે છે. પ્રકાશ આપે છે. બધાને રોશની આપે છે. સૂર્ય અને ચંદ્રનો પર્યાય નથી એમનું વ્યકિતત્વ જોઇએ તો એમનામાં ષડ્‌રિપૂ નથી. એમનામાં નવ સિધ્ધાંતોનો અમલ દેખાશે એમ તમે સૌ,

**તમારા જીવનમાં નવ સિધ્ધાંત અને માનવતા વ્રતને અપનાવી ષડ્‌રિપૂઓને નાથવા સંકલ્પબધ્ધ બનો, પરમ તત્વમાં શ્રધ્ધા અને શરણાગતિ રાખી અનિવાર્ય બનવા પ્રયત્ન કરો.**

**આખા વિશ્વને તમારી અનિવાર્યતા લાગે એવું તમારીં વર્તન અને જીવન બનાવો. પણ અહમ્ ન આવે. રાવણ અને દુર્યોધનમાં અહમ્ આવ્યો તો એમનું પતન થયું, માટે સતત્ કાર્યશીલ રહો અનો સજાગ રહો.**

**ૐ મા ૐ**

શ્રધ્ધા કુટિર એ શ્રધ્ધાથી આવનાર વ્યક્તિ માટે જીવન પરિવર્તનનું દ્વાર સાબિત થઇ રહે છે. અહિં આવનાર કેટલાય શ્રધ્ધાળુઓનો જીવનરથ રાજમાર્ગ પર ચઢી ગયો છે. શ્રધ્ધા કુટિરમાં પ્રત્યેક રવિવારે જ્ઞાન ગોષ્ઠિનો કાર્યક્રમ યોજવામાં આવે છે. અગાઉથી અપાયેલ વિષય પર ભક્તો-બાળકો ભાઇઓ-બ્હેનો પોતાના વક્તવ્યો અને મંતવ્યા રજૂ કરે છે. પછીથી પ્રશ્નોત્તરીનો કાર્યક્મ હોય છે જેમાં પૂજ્ય ગુરૂદેવ પોતાના મંતવ્ય, અને અનુભવના આધારે પોતાની જ ભાષા, વ્યાકરણ અને શાસ્ત્ર અનુસાર બિલકુલ મૌલિક અને સચોટ વ્યવહારુક ઉત્તરો આપે છે.

તા. ૨૩-૧૧-૯૬ ના રોજ 'મન'વિષય પર પૂજ્ય શ્રી રાજયોગી નરેન્દ્રજીનું પોતાનું વક્તવ્ય અક્ષરશ: 'આધ્યાત્મિક કેડી'ના વાચકો માટે અત્રે રજૂ કરૂં છું.

## જ્ઞાન ગોષ્ઠિ-મન

(પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી)

મારી દષ્ટિએ વ્યક્તિના જીવનની મોટા ભાગની સફળતા નિષ્ફળતાનો આધાર મન છે. સમાજના મોટા ભાગના અનિષ્ટોનો જનક મન છે. માત્ર રાષ્ટ્નીજ નહિં સમગ્ર વિશ્વની વિવિધ સમસ્યાઓનું મૂળ મન છે.

**'મન' શબ્દનો અર્થ હું નીચે પ્રમાણે કરૂં છું.**

**મ = એટલે મનુષ્ય,**

**ન = એટલે નાગ**

વિચારો રૂપી નાગ મનુષ્યને ડોલાવતો રહે છે. સારા અને ખરાબ બંને પ્રકારના વિચારો મનમાં ઉદ્ભવે છે, તેથી સારા વિચારો સારા રચનાત્મક કાર્યો કરાવે છે અને ખરાબ વિચારો ખંડનાત્મક વિનાશક કાર્યો કરાવે છે. માટે મનને જ વિશુધ્ધ કરવાની, પવિત્ર બનાવવાની, સત્યભિમુખ બનાવવાની જરૂર છે.

નાગ સંહારક પ્રાણી છે. તેનો ડંખ જીવલેણ નીવડે છે જમીન પર કે પાણીમાં તે ખુબ જ ઝડપથી સરકી જાય છે. સામાન્ય મનુષ્ય દેહમાં ઉદ્ભવતા મોટાભાગના વિચારો ખંડનાત્મક કે વિનાશક હોય છે. તે ખૂબજ ઝડપથી ઉદ્ભવ્યા કરે છે અને રોજબરોજના વ્યવહારમાં તે એકમેકને ડંખ માર્યા કરે છે.

આ પરિસ્થિતિમાંથી આપણે બહાર આવવું જરૂરી છે.

મનનું સ્થાન શરીરના કયા ભાગમાં આવેલું છે તે વિચારીએ. મન એ શરીરમાં અગોચર રૂપે ઉડતું હેલીકોપ્ટર છે. આ હેલીકોપ્ટર એક ઈંદ્રિયથી માંડી બીજી ઈંદ્રિય પર ફરતું રહે છે. જ્યારે જ્યારે જે ઈંદ્રિયને મનની જરૂર પડે ત્યારે ત્યારે મન ત્યાં પહોંચી જાય છે ને પછી તે ઈંદ્રિય કાર્યરત થાય છે.

આકાશમાં ઉડતું હેલીકોપ્ટર વિસ્મય પ્રેરે છે. કુતૂહલ જન્માવે છે તે ખૂબ સુંદર લાગે છે, તે અતિ વેગીલું હોય છે અને અવકાશમાં ખૂબ જ ઉંચે ને ઉંચે ઉડતું હોય છે. તે જ રીતે મન મનુષ્યના શરીરમાં ઉદ્ભવતો એક ભાવ છે, વિચાર છે. તે અગોચર હોય છે. તે આપણા શરીરની અન્ય ઈન્દ્રિયોની જેમ જોઈ શકાતું નથી તેનો કેવળ અનુભવ જ થઇ શકે છે. આ દશ્ય જગતમાં તેનું સ્થૂળ અસ્તિત્વ નથી તેમ છતાં સ્થૂળ અને સૂક્ષ્મ બંને રીતે તેનો અનુભવ થઇ શકે છે તેથી જ મે તેને અગોચર કહ્યું છે.

જ્યારે જે વિચાર આવ્યો, જે ભાવ ઉત્પન્ન થયો તે પ્રમાણે મનુષ્યની ઈંદ્રિય કાર્ય કરવા તત્પર થાય છે. દા. ત. તમને કોઈક દુ:ખી વ્યક્તિને મદદ કરવાની ઈચ્છા થઇ તો તમે એ વિચારથી-ભાવથી દોરવાઇને તેની પાસે પહોંચી જશો અને તમને ઈચ્છા થાય તે પ્રમાણે મદદ કરી આવશો. આ મદદ માત્ર

ભૌતિક પદાર્થથી જ થાય છે એવું નથી, એ તમારા મનથી, વિચારથી ભાવથી પણ થાય છે. કોઇકની આંખમાંથી સરી પડતા અશ્રુઓ જોઇને આપણા હૃદયમાં તેને માટે સહાનુભતિ જાગે, આંખમાંથી દદડી પડતાં અશ્રુઓને તમારી આંગળીઓ ઝીલી લે, તેના બરડે-ખભે તમારો પ્રેમાળ વત્સલ સ્નેહસભર હસ્ત ફરે તો તે કાર્ય મનનું છે. કોઇકની ખુશી જોઇને, કોઇકની સફળતા જોઇને આનંદ ન થાય પણ તમે એવું કંઇક કાર્ય કરો, વર્તન કરો જેથી તેનો બધો જ આનંદ નષ્ટ થઇ જાય એવું કાર્ય પણ મનનું જ છે.

અને તેથી જ હું સતત ષડ્રિપૂઓના નિયત્રંણ વિષે તેને કાબુમાં રાખવા વિષે કહેતો રહ્યો છું. ષડ્રિપૂઓનો અતિરેક એ મનનીજ નબળાઇઓ છે એને નિયંત્રણમાં રાખવાનો પ્રયત્ન કરો, આનંદમાં રહો, અંદરથી શાંતિ મેળવવાનો અને અંદરની શાંતિ બહાર પણ ફેલાવવાનો પ્રયાસ કરો. તમારા જીવન, કુટુંબ, સમાજ, રાષ્ટ્રને સમગ્ર વિશ્વની મોટાભાગની સમસ્યાઓનો ઉકેલ આવી જશે.

મનને સમજવું હોયતો મૌન થઈ જુઓ, આત્મ નિરીક્ષણ કરો અને મનને ઓળખો.

મેં અગાઉ કહ્યું કે મન અગોચર છે; તો પરમતત્વ પણ અગોચર છે. બન્નેમાં અગોચર સામાન્ય છે. તેથી મન વડે, વિચાર વડે, ભાવ વડે પરમતત્વની ખોજ શરૂ કરો બન્ને ગોચર થવા માંડશે, પ્રત્યક્ષ થવા માંડશે, સમજાવા લાગશે. તમારા મનને, વિચારોને, ભાવોને પરમ તત્વના વિચારોથી, ભાવોથી તેમજ દિવ્ય અને આધ્યાત્મિક પ્રેમથી ભરી દો. મનની લગામ તમારા હાથમાં આવી જશે. એકાગ્રતા અનુભવી શકશો. પછી પરમ તત્વ સાથેનું અનુસંધાન બહુ દુર નહી રહે.

પરંતુ જેના મનમાં ભક્તિરસનાં ઝરણાં વહેતાં હોય તેનું મન કનક જેવું શુધ્ધ, રૂપા જેવું ઉજળું અને હીરા જેવું તેજસ્વી હોય છે. આવુ મન મંદીર શુધ્ધ, સાત્વિક, વિચારોથી રોશની જેવું ઝળહળતું હોય છે. માટે મનને શુધ્ધ કરવા, પવિત્ર બનાવવા ભક્તિ જ એક માત્ર ઉપાય છે. પણ આ ભક્તિ કેવી? હું કલાકો સધી ફોટા સામે માળા લઈને બેસી રહેવાનું નથી કહેતો, તમારી અનુકુળતા પ્રમાણે માળા કરો જપ કરો, તમે પાંચ મિનીટ બેસોકે પાંચ કલાક બેસો તે મહત્વનું નથી પરતું તમારા સમસ્ત અસ્તિત્વને અહર્નિશ ભક્તિભાવથી તરબોળ રાખો, શુદ્ધ સાત્વિક વિચારો આવે, શાંતિ મળે, આનંદ મળે તેવું સાત્વિક વાંચન કરો, મનન કરી ચિંતન કરો, રોશની જેવો ઝળહળતો પ્રકાશ તમને હંમેશને માટે મળ્યા કરશે. આથી તમો તમારાવ્યક્તિત્વમાં અને સમસ્ત અસ્તિત્ત્વમાં સરળતા, આદ્રતા, મૃદુતા, સહાનુભૂતિ, સંવેદનશીલતા અને સ્નેહાળ ભાવનો અનુભવ કર્યા કરશો.

જે વ્યક્તિ વૃક્ષને પણ પોતાનું સ્વજન સમજે, પુષ્પને તોડતાં જેનો જીવ દુ:ખી થઈ જાય, એવા માનવીઓ વિશ્વને મધુરતાથી મધમધાવી દે છે. વ્યક્તિના જીવનનું આ જ એક માત્ર ધ્યેય હોઈ શકે. જીવનને, સમાજને, રાષ્ટ્રને, વિશ્વને મધુરતાથી મહેંકાવવાનું. આ ખ્યાલ રાખશો તો હાલના વ્યક્તિત્વને કે સમષ્ટિગત સંજોગોમાં તમે ક્યાં ઉભા રહ્યા છો અને શું કરી રહ્યા છો. તે સમાજાઈ જશે. શું કરવું જોઈએ તે પણ સમજાશે.

મનનો વૈભવ એજ સાચો વૈભવ છે. સાચી મૂડી છે. સાચી સંપત્તિ છે. તેથીજ મન, વચન , કર્મના ત્રિવેણી સંગમનો મુખ્ય સેનાપતિ મન છે.

મનનો પ્રવાહ તેની મીઠાશ ગુમાવે તો પાણી ખારાં થઈ જાય અને જીવન સરિતાનાં નીર ડહોળાઈ જાય. અંકુશિત અને જ્ઞાનસભર મન જીવનને જેટલું ઉર્ધ્વગામી બનાવે છે તેવીજ રીતે નિરંકુશ, ભ્રષ્ટ મન, દેવ જેવા માણસને દાનવ પણ બનાવી દે છે. આથી સમજવાનું કે મનની પવિત્રતા તે જ એક મહત્વની કસોટી બની રહે છે.

ૐ મા ૐ

# મારું મન અને રાજયોગી

(સતીષ ભટ્ટ)

રાજયોગીનો અર્વાચીન ભારતીય આધ્યાત્મિક ઈતિહાસમાં મહત્ત્વપૂર્ણ પ્રભાવ પડી રહ્યો છે. સમાજમાં વ્યાપક માનવબોધને સજાગ કરવા તેઓશ્રી મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. તેમના વિચારો અને ભાવનાઓની જે રસધારા પ્રવાહિત થઈ છે તેના સબબ સમાજમાં એક નવા આદર્શનું શૈક્ષણિક અને સામાજીક સ્વરૂપ ઉઘડતું ગયું છે. અહીં સંકીર્ણતા અને કટ્ટરતા માટે કોઇ સ્થાન નથી. તેઓશ્રી પોતાની વાણી દ્વારા મનુષ્યના અંતરાત્માના વિરાટ અનુરાગને સંચેત કર્યા કરે છે. તેમની વાણી જીવનનો આધાર અને વાતચીતનું અંગ બની ચૂકી છે. તેમના મનમાં સામાન્ય જનસમુદાય માટે ભરપૂર આદર ભાવ છે. તેમનું હૃદય, ધર્મ, જાતિ, ભાષા અને ક્ષેત્રિય સીમાઓથી પણ ઘણું આગળ વધી ગયું છે, જ્યાં સમન્વયની સીમાઓ મળે છે, તેમનું ઉર્મિસભર મન, તેમની વાણી, વક્તવ્ય અને રચનાઓમાં પ્રભાવકારી રૂપ ધારણ કરે છે. તેમનામાં સર્જનકાર પ્રત્યે એકનિષ્ઠતા અને એકેશ્વરવાદનો રણકો છે. પ્રેમની ઉત્કૃષ્ટ તીવ્રતા તેમનામાં સતત દ્દષ્ટિગોચર થયા કરે છે. તેઓશ્રી માને છે કે સર્જનહાર સુધી પહોંચવાની ગલી સાંકડી છે, તે પ્રેમની ગલી છે. આ સાંકડી ગલીમાં અન્ય માટે સ્થાન નથી. આ અનન્ય નિષ્ઠા તેમને માનવતાવાદ સાથે સીધું જોડાણ કરી આપે છે, હૃદયની પારદર્શકતા મનુષ્યને અનાયાસે આકર્ષે છે. મનુષ્યને પોતાનું હૃદય ઠાલવતાં વાર નથી લાગતી. મનુષ્ય તેમની સમક્ષ પૂરેપૂરો ખાલી થઇ ગયા પશ્ચાત કંઇક આપોઆપ તેની ખાલી જગામાં ભરાવા લાગે છે. તે છે તેમનો પ્રેમ, માએ બક્ષેલું માતૃવાત્સલ્ય પણ તેની સાથે સાથે ક્રમશઃ મનુષ્યમાં અવતરણ થતું જાય છે અને માનવી ભર્યો ભર્યો, તાજગી ભર્યો થતો જાય છે.

આ તાજગી સુગંધ છે. પછી માનવીને ખીલેલા પુષ્પની પાસે પહોંચી જઇને પ્યાર કરતાં વાર નથી લાગતી. પ્રભાતના સૂર્યને અર્ધ્યઆપીને તેના તેજનો સ્વીકાર કરતાં સરળતા અનુભવાય છે. માનવી સાથે વ્યવહાર આદરતાં મન ખુલ્લું રહે છે, જે કંઇપણ જેવી પણ હાલતમાં મળી આવે છે. તેનો પૂરેપૂરો આનાકાની વિના સ્વીકાર કરવાની મનની તત્પરતાનો વેગ વધી જાય છે, અને પ્રત્યેક પ્રવૃતિને અંતે ઓછી વત્તી પણ હળવાશ શેષ વધે છે.

આનાથી શું વિશેષ ઇશ્વરની ઓળખ મેળવવાની પ્રવૃતિ હોઇ શકે ? ઇશ્વર તમારી સમક્ષ પ્રત્યક્ષ થાય કે ના થાય, કોઇ ફરક પડતો નથી. ઇશ્વરને તમે તેના તથાકથિત સ્વરૂપને બાજુએ મૂકીને રાજયોગીના લિબાસમાં નિહાળો કે રાજયોગીનો ઇશ્વર સ્વરૂપ તરીકે સ્વીકાર કરો, સ્વાગત કરો, મનની શરણાઇના સૂર છેડો, સંવાદિતાનું શરણ લ્યો કે પરમનું પરમસંગીત સાંભળવા કાન માંડો, આ સઘળું એક જ છે. ઇશ્વર અને રાજયોગીમાં અભેદ આ જ છે. અદ્વૈતનો આનંદ આ જ છે, અવ્યયી આ જ છે. નુપુર ઝંકાર પણ આ જ છે.

**આવું મારૂં મન કયા અન્ય**
**ઇશ્વરને શોધે ? ક્યાં શોધે ?**
**શા માટે શોધે ?**
**વધારે શું મેળવવા શોધે ?**
**કયા સ્વરૂપને શોધવા મથે ?**

# રાજયોગી નરેન્દ્રજી - સહજ ઉપાસનાના ઉદ્‌ગાતા

પ્રો. તપસ્વી નાન્દી

આરંભ કરતાં પહેલાં ફરી એકવાર ભગવદાજ્ઞાનું સ્મરણ કરીને, અમારી આ કાર્ય કરવાની ગેરલાયકાત અને તે અંગેની શ્રધ્ધા અને લેખનશક્તિ અંગેની અશ્રધ્ધાને જોરથી ધક્કો મારીને અમારી ચેતનાની બહાર ફંગોળી દઇશ અને અમારી ચિતિ કેવળ ગુરૂદેવની આજ્ઞાથી કુસુમિત, કોરકિત અને પલ્લવિત થાય એ માટે શ્રીચરણોને યાદ રાખવા આ મંગલ શ્લોક પાઠવીશ કે, હે

લોકેશ ! ચૈતન્ય ! મહાધિદેવ, માઙ્ગલ્યવિષ્ણો ! ભવદાજ્ઞયૈવ !

હિતાય લોકસ્ય, તવ પ્રિયાર્થ સંસારયાત્રામનુવર્તયિષ્યે !

હે લોકેશ, હે ચૈતન્ય સ્વરૂપ, મહાધિદેવ, હે માંગલ્ય વિષ્ણો, કેવળ તારી આજ્ઞાથી જ (દીન દુખિયાં) લોકોના હિત ખાતર અને તારા પ્રિય માટે (અર્થાત્ કેમકે, તને એ પ્રિય છે માટે) હું સંસારયાત્રાનું વહન કરીશ.

નરી ભૌતિકતા અને સ્વાર્થ પરાયણતામાં પરોવાયેલ પ્રજાઓ - હા, આપનો તો જાણીતાં અને ન જાણીતાં, શ્રધ્ધામાં આવતાં કે અશ્રધ્ધામાં ડૂબેલાં પ્રાણી માત્રને ઉધ્ધારવા, પરમતત્ત્વના દર્શન કરાવવા સુપ્રયુક્ત કરવા આપનો પુરુષાર્થ ચાલી રહ્યો છે. સફળ વિશ્વની પ્રજાઓના આજે પણ. જેમ મહાભારતના કાળમાં હતા તેમ, પ્રતિનિધિ એ ધૃતરાષ્ટ્ છે - જેમણે રાષ્ટ્ દબાવી દીધું છે, પરધન જેમને કોઠે પડયું છે, પચી ગયું છે અને એમાં તેમને કોઇ દોષ જણાતો નથી, કેમકે, તેમની આંખોમાં મોહના અંધાપા, આસક્તિનો અંધકાર પુરાયો છે. એમની ભાષામાં 'મામકા:' મારું-તારું ના ભેદભાવ છે. તેમની ગતિ અજ્ઞાનથી જ્ઞાન તરફની નથી પણ જે અંધકારમાંથી વધુ ઘેરા અંધકારમાં પસંદગીથી ભુસ્કો મારે છે.

અન્ધં તમઃ અને તતો ભૂય એવ તમઃ (ઇષોપનિષદ) માં એમનું સામ્રાજય છે. તે વખતે મહાભારતના સમયમાં ગીતાના ગાનારે પ્રજાને ધર્મમાં સ્થાપિત કરી. સાધુપુરુષોનું રક્ષણ કર્યું. દુર્ગતિઓનો વિનાશ વેર્યો, આજે પુનઃ કલિકાલના વાદળથી વૈશ્વિક ચેતનાનું આકાશ ગોરંભાયું છે ત્યારે પૂજ્યશ્રી રાજયોગી નરેન્દ્રજી, નર્યા પ્રેમ, દયા, અનુકંપા, કરુણા-થી પ્રજાને સમ્યક્ માર્ગે વાળવા માતાજીના કુંવર રૂપે, માના મનમોર રૂપે, પેલા વાંસળીવાળાની માફક લીલામાત્રમાં જીતવા પોતાના કાર્યયજ્ઞથી ઉદ્યત થયા છે. આનન્દવર્ધનાચાર્યે વ્યાસજીને એક ભવ્ય અંજલિ આપી છે એનું અહીં અમને સ્મરણ થઇ આવે છે. તેઓ જણાવે છે કે, મહાભરતનો પ્રધાન રસ શાંત છે. એ વાત ઉભરાયેલા મહામોહના સાગરમાં ડૂબેલા દીન દુખિયાંઓને ઉગારી લેવાની ઇચ્છાવાળા અત્યંત વિમલ જ્ઞાન અને પ્રકાશ પાથરતા લોકનાથ વ્યાસજીએ અનેક સ્થાને આવાં આવાં શ્લોક રત્નો વેરતાં વેરતાં સ્ફુટ કરી છે, જેમ કે,

યથા યથા વિપર્યેતિ લોકમંત્રમસારવત્ ।

તથા તથા વિરાગોઽત્ર જાયતે નાત્ર સંશયઃ અસારવત્ ।।

અર્થાત્ જેમ જેમ લોકતંત્રની નિઃસારતા (ઇન્દ્રજાળની માફક) વિપર્યય પામતી જાય છે, તેમ તેમ તેને વિષે વૈરાગ્યબુધ્ધિ જન્મે છે. એમાં કોઇ સંશય નથી. પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી પણ આપણામાં પ્રવર્ધિત અહંમના ભાવો,રાગદ્વોષ વગેરેને તુચ્છ દર્શાવી પરમતત્ત્વ તરફ આપણને રાખવા પ્રવૃત્ત થયાછે.

પૂજ્યશ્રીની કાર્ય પધ્ધતિ અને તેમના સંદેશ/આદેશ પર આવતાં પહેલાં એક સોનેરી વાત એ

ખ્યાલમાં રાખવાની છે કે તેઓશ્રીને પરમતખણ્ડન કરતાં સ્વમત સ્થાપનમાં જ વિશેષ રસ છે. એટલે કોઇપણ ધર્મ, સંપ્રદાય કે માન્યતાને તેઓ તિરસ્કારતા નથી, બલ્કે પોતાની વિશાળ અને વ્યાપક યોજનામાં તેનો સમાવેશ કરી લે છે. વેદના એ રહસ્યને-

એકં સદ્ વિપ્રાઃ બહુધા વદન્તિ-જ્ઞાનીઓ એકજ પરમતત્ત્વને અનેક રીતે પ્રબોધે છે-તેમણે આત્મસાત્ કર્યું છે. આ સાથે ઇશ્વર પ્રાપ્તિની એક અત્યંત સરળ અને નૂતન યોજના લઇને તેઓશ્રી પધાર્યા છે. જાણે કે મૌનથી-હા, ફક્ત મૌનથી જ એક મોટી વાત તેઓશ્રી કહી દે છે કે-એષઃ તે ધર્મઃ એષઃ તે ધર્મઃ- આ (જ) તારો ધર્મ છે આ (જ) તારો ધર્મ છે. નાન્યત્ પન્થાઃ વિદ્યતેડયનાય, ગમન માટે, દિવ્યતા તરફના પ્રયાણ માટે આ સિવાયનો કોઇ બીજો માર્ગ નથી. બીજો માર્ગ નથી એવું સૂચવતાં પૂજ્યશ્રીનો અભિગમ એ કહે છે કે આ રાજમાર્ગ -ભગવદ્ગીતાના શબ્દોમાં છે.

'રાજવિદ્યા - રાજગુહ્યં પવિત્રમિદમુત્તમમ્' છે આજ તો આધ્યાત્મિક કેડી છે, જેના પર સંચરવાથી ક્ષુદ્ર સંસારી સુખેથી

ક્ષુરસ્ય ધારા નિશિતાદુરત્યયા- અસ્ત્રાની ધાર જેવા દુર્ગમ અધ્યાત્મ માર્ગ પર પ્રગતિ કરી શકશે. આત્મતત્ત્વ, પરમતત્ત્વનો સાક્ષાત્કાર કરી શકશે.

આમ પૂજ્યશ્રીનો માર્ગ એટલે સંકલ્પથી સાક્ષાત્કાર તરફની ઉર્ધ્વગતિ. જરૂર છે, ફક્ત તીવ્ર અભીપ્સાની અને સંપૂર્ણ શરણાગતિની.

**ક્રમશઃ**

## સમાચાર

૧. **પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો વિદેશનો કાર્યયજ્ઞ હોઇ એપ્રિલ થી જુન દરમિયાન**
તા. ૨૩-૪-૯૭ બુધવાર થી તા. ૧૫-૬-૯૭ રવિવાર સુધી નિલોષા બંધ રહેશે.
તા. ૧૬-૬-૯૭ સોમવાર થી નિલોષા પર પૂજ્યશ્રીની મુલાકાત ચાલુ થશે.

૨. તા. ૧૦-૭-૯૭ શનિવાર **ગુરૂપૂર્ણિમા** છે. પૂજ્યશ્રીના દર્શનનો લાભ મળી શકશે.
સમય ૯ થી ૧ વાગ્યા સુધી.
**સ્થળ :** પી. જી. મહેતા મેમોરીયલ હોલ, શંકરઆશ્રમ સામે, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

૩. **પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો ઓગષ્ટ મહિનામાં વિદેશનો કાર્યયજ્ઞ હોઇ**
તા. ૨૪-૭-૯૭ થી તા. ૨૪-૮-૯૭ સુધી નિલોષા બંધ રહેશે.
તા. ૨૫-૮-૯૭ સોમવાર થી નિલોષા પર પૂજ્યશ્રીની મુલાકાત ચાલુ થશે.

૪. તા. ૭-૯-૯૭ રવિવાર **માનવતા દિન, પૂજ્યશ્રીનો જન્મ દિવસ** છે.
પૂજ્યશ્રીના દર્શનનો લાભ મળી શકશે. સમય ૯ થી ૧ વાગ્યા સુધી.
**સ્થળ :** પી. જી. મહેતા મેમોરીયલ હોલ, શંકરઆશ્રમ સામે, મ્યુઝીયમ પાસે, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

૫. તા. ૨-૧૦-૯૭ થી તા. ૧૦-૧૦-૯૭ સુધી **આસો નવરાત્રિ** છે,
વિશિષ્ટ ઉપાસના કરવા ઇચ્છતા ઉપાસકોને પૂજ્યશ્રી આશીર્વાદ પાઠવે છે.

પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી અર્વાચીન યુગના એક ક્રાંતિકારી આધ્યાત્મિક યુગપુરૂષ છે. તેઓશ્રી તેમનું આગવું, પોતીકું વ્યક્તિત્વ, વક્તવ્ય અને વિચારસરણી ધરાવે છે.

કોઇપણ વિષય પ્રત્યેની રજૂઆતમાં, શાસ્ત્ર દૃષ્ટિ, ભાષા, વ્યાકરણ તેમનાં પોતાનાં આગવાં જ હોય છે.

પૂજ્યશ્રીએ અધ્વંદસ્થ, અપદ્યાપદ્યમાં મહાભારતના વિવિધ પ્રસંગો પ્રત્યે પોતાનો દૃષ્ટિકોણ રજૂ કર્યો છે.

## મહાભારત

(પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી)

૧. **પ્રતિજ્ઞા ભીષ્મ તણી આજીવન કુંવારા**
**ડર શું હશે, નાજૂક રમણી તણો**
**એ અડીખમ નરબંકાને ?**

**વ્યાખ્યા :-** ભીષ્મે પ્રતિજ્ઞા લીધી હતી આખું જીવન કુંવારા-અપરિણિત રહેવાની. ભીષ્મ તો લોખંડી પુરુષ હતાં, શૂરવીરોમાં ય અડીખમ નરબંકા હતા, તેમને સ્ત્રીની નાજૂક રમણીયતાની શી બીક લાગી હશે ?

શોધ-ખોળનું પ્રગટાવેલું કોડિયું ખૂણે-ખૂણે અને દિશાએ વારંવાર લઇને હકીકત શોધવાને ફર્યા કરવું પડે છે-ભીષ્મ-પ્રતિજ્ઞામાં ચિંતનને શોધવા. પ્રતિજ્ઞાને કિનારે આસન જમાવવા જતી વ્યક્તિ ક્યા અને કેટલા ત્યાગને સમર્પિત થઇ રહી છે અને તેમાં શ્રેય પ્રેયનાં પલ્લાં કેટલાં સ્થિર છે તેને નિરખવાની પ્રક્રિયા કઠિન છે-પ્રતિક્ષણ જાગૃતિની આવશ્યકતા છે. એકાદ ઝોકું તો શું, સ્હેજ આળસમરોડ પણ સ્વીકાર્ય નથી રહેતી.

ભીષ્મનું હૈયું ત્યાગ અને રાગની વચ્ચે ઝૂલતું અનિર્ણાયક નથી રહ્યું. પિતાના રાગની વચ્ચે પોતાની આંગળી સુધ્ધાં આડે ના આવી જાય તેટલી સાવધાની અને સ્વસ્થતા તેમણે જાળવી હતી. પ્રેમ દિવ્ય છે, અકારણ છે, આકસ્મિક છે-રાજવીઓને નડતો મીઠો અકસ્માત છે. ભીષ્મે જોયું કે પિતા હેમખેમ પાર ઉતરી જાય, રસ્તો મોકળો બને, શાંત અને અનુકૂળ વાતાવરણ અને પંથ બને-અને ભીષ્મે પ્રતિજ્ઞા જાહેર કરી. "આજીવન કૌમાર્ય વ્રત" આ હતો ભીષ્મનો 'વસંતવિજય' ભીષ્મનો 'કામ ઉપર ટંકાર', 'કામદેવની હાર'. નાજૂક રમણીયતા તો સાધનમાત્ર હતી-સાધક અલગારો છે.

૨. **પ્રતિજ્ઞા રાજ્યને વફાદાર રહેવાની,**
**રાજ તણી વફા, અંતમાં બેવફા પૂરવાર.**

**વ્યાખ્યા :-** હસ્તિનાપુરની રાજ્યધુરાની વફાદારી કરવી એ જ માત્ર જીવન સંકલ્પ ભીષ્મનો હતો. પરંતુ વફાદારી અંતે તો બેવફા નિવડી.

વફાદારી પણ શુભ સંકલ્પ, શુધ્ધ સંકલ્પ અને સુંદર સંકલ્પને વરેલી હોય તે આવશ્યક છે. અખાએ કહેલી વાત ઘણીય વાર સત્ય પુરવાર થયેલી છે.

આંધળો સસરો સરંગટ વહુ,

કથા સાંભળવા ચાલ્યું સહુ;
કહ્યું કંઇને સાંભળ્યું કશું.
આંખનું કાજલ ગાલે ધર્યું.

અંધા-લૂલાની જોડી કથાસાર તો પામે છે પરંતુ યથાર્થ રીતે નથી પામતી. અધર્મ સમજે તો ય છોડી ન શકે અને ધર્મ જાણે તો ય માણી ન શકે, સ્વીકારી ન શકે. અધર્મ પ્રત્યેની વફાદારી થાય તો કુરૂક્ષેત્ર જ રચાય, અને કૃષ્ણને સામે પક્ષે ઊભા રહેવું જ પડે. અર્જુનના હાથમાં ગાન્ડીવ સતર્ક-સક્રિય અને સક્ષમ કરવું જ પડે. સૂરજની આંખમાં પણ કપડાં સંકોરીને ડગ ભરતાં દુર્યોધનને દેખીને દ્રૌપદીને કહેવું જ પડે-"અંધના પુત્ર આખરે તો અંધ જ". વફાદારી ધર્મની હોય, સત્યની હોય, કૃષ્ણની હોય.

ગંગાપુત્રને શુભ સંકલ્પ કરવા ગંગામાં ન્હાવાની જરૂર ખરી !

૩. **પ્રતિજ્ઞા હશે દિલથી શ્રેય કાજે**
**બંધન પ્રતિજ્ઞા તણું, સિંહ પાંજરામાં**
**શું હલચલ તેના હૃદયમાં**
**પ્રતિજ્ઞા શાપિત બનીને રહેશે.**

**વ્યાખ્યા :-** ભીષ્મના મનમાં તો "આજીવન કૌમારવ્રત"ની પ્રતિજ્ઞા સમષ્ટિના ભલા માટે, ધર્મરક્ષા કાજે, ધર્મના કાજે, ધર્મના કાજે જ હશે પણ પ્રતિજ્ઞાએ તેમને બંધનમાં નાંખી દીધાં...સિંહ પાંજરામાં પૂરાઈ ગયો. તેમના હૃદયમાં કેટકેટલું મંથન થયું હશે ! પ્રતિજ્ઞા પણ અભિશાપ બનીને સામે ઊભી રહી. **गहना कर्मणो गतिः** તો કૃષ્ણે કુરૂક્ષેત્રમાં બહુ મોડે ગાયું પરંતુ ભીષ્મને તો ગીતા ઘણી જ વહેલી યાદ આવી ગઇ હશે, કર્મનો સિધ્ધાંત વારંવાર યાદ આવ્યો હશે, અધર્મ-અસત્યનો શલ્ય (કાંટો) દયાહીન રીતે ભોકાંઈ ગયો-અરેરાટી તો ખૂબ જ થઇ હતી પરંતુ ઉદ્‌ગાર ના નીકળી શક્યો.

૪. **સંસારો તણા માનવીઓ ખામોશ રહો,**
**પ્રતિજ્ઞાબધ્ધ પહેલાં સો ગરણે ગાળી જુઓ.**

**વ્યાખ્યા :-** રાજયોગીજી સંસારીઓને શીખ આપે છે કે મહાભારત મહાસત્ય તારવી જાય છે કે પ્રતિજ્ઞા લેતાં પહેલાં તેની સારાસાર હકીકતોની ચકાસણી કરો. કર્તા-હર્તા પરમાત્મા જ છે.પરંતુ પરમાત્માએ 'બુધ્ધિરૂપી' ધન આપ્યું છે તેનો છુટથી ઉપયોગ કરો. બુધ્ધિરૂપી ગરણી પરમાત્માએ મનુષ્યને હાથમાં આપીને જાણે કે હાથ ધોઇ નાંખ્યા છે-જવાબદારીમાંથી 'હાશ' અનુભવી છે.

૫. **વચનને વટાવતાં વિચારી જુઓ**
**વહેણના વમળમાં વચન અટવાઇ ન જાય**
**વચનને પૂછો વચન તણું રહસ્ય**
**વચન આબાદ કરે, બરબાદ કરે.**

**વ્યાખ્યા :-** રાજયોગી કહે છે કે વચનને તરતું મુકતાં પહેલાં વિચાર કરી જોવો હિતાવહ છે. વચન પ્રવાહના વમળમાં અટવાઈ ના જાય ! વચન સાથે અગાઉ વાતચીત, વિચાર-વિમર્શ કરી જોવો અનિવાર્ય છે. વચન તારી દે કે ડૂબાડી પણ દે છે.

આ વાત નરી વ્યાવહારિક, સાંસારિક શીખ છે. અનુભવવાણીનું અમૃત છે. વચન બાણ સમાન છે- છૂટયા પછી વ્યક્તિનો કોઇ અંકુશ તેના પર નથી, પાછું વળી શકતું નથી તેથી તો તેને વાગ્બાણ કહેવાયું છે. મહાભારત આવા કંઇક સત્ય-મૂલ્યો પ્રતિપાદિત કરે છે, પ્રસ્થાપિત કરે છે. વ્યક્તિ અને વચનની વચ્ચે જો કૃષ્ણને રાખવામાં આવે તો 'વચનસિધ્ધિ' થાય છે, વ્યક્તિને વચનસિધ્ધિ મળે નહી તો ભીષ્મની નાવની જેમ વમળે ચઢે, વિચાર શૂન્યતાના પરિણામે શૂન્યતાના અનુભવમાંથી પસાર થયા સિવાય છૂટકારો નથી મળતો. વચનદરિદ્રી બનવું સારું, વચનદાનેશ્વરી બનવું ઉધારી ખેરાત બને. બલ્કે કર્ણની પદવી પ્રાપ્ત ના થાય. પાર્થથી કૃષ્ણને જ આમ કહી શકાય-**करिष्ये वचनं तन** કૃષ્ણ અતિ વિશ્વસનીય છે. કૃષ્ણ સમૃધ્ધ છે.

૬.

**ભૂલ કરી યુધિષ્ઠિરે જુગાર રમવાને,**
**દુર્યોધને કપટ કર્યું, પરાજીત કરવામાં,**
**સત્યને વરેલાં સમજી ન શક્યા કપટને,**
**કાળને થોભાવનારા જુગાર હારી ગયા.**

**વ્યાખ્યા :-** યુધિષ્ઠિર ભૂલ કરી બેઠા-કપટી દુર્યોધને તેમને જુગાર રમાડીને પરાજિત કર્યા. દ્યૂત પણ સચ્ચાઇથી રમવાવાળા યુધિષ્ઠિર કપટને જાણી ન શક્યા. સત્યને જીવનારા, સત્યમાં જીવનારા અને સત્ય માટે જીવનારા 'દગો'પામી ના શક્યા. કાળને શરણે લાવી શકનારા જુગાર હારી ગયા. સત્યના ગૌરીશંકર ઉપર ઉભા રહીને તળેટીમાં જોનારને નીચે ઉભેલ બધું જ તદ્દન વામણું-વામન લાગે જ, નરી આંખે જોઈ ના શકાય. કૃષ્ણની આંખ અગાઉથી માગી લેવાની ખૂબ જરૂરત હતી. સત્યના સિક્કાની બીજી બાજુ અસત્ય પણ હોય છે. યુધિષ્ઠિરે આ સિક્કો કૃષ્ણની હાજરીમાં ઉછાળવાની જરૂર હતી. સિક્કાની આ બાજૂ સત્ય, આ બાજુ અસત્ય. તેમનાં પરાક્રમને, અસ્તિત્ત્વને માણવા સમય ખુદ રાહ જોયા કરે તે સ્વાભાવિક છે, પરંતુ જુગારનાં નશીલાં પાસાં પોતાની જ રંગીન દુનિયામાં વ્યસ્ત રહે છે. તેથી તેને યુધિષ્ઠિર-સત્ય-દેખાતું નથી. દુર્યોધન સાથીદાર તરીકે તેની સાથે ઝૂમી રહ્યો છે એટલે દુર્યોધન અને દ્યૂત બંનેની આંખો એકબીજાની ઉપર સતત મંડાયેલી રહે છે. દુર્યોધને શકુનિનું સ્વાગત કર્યું છે, યુધિષ્ઠિરે સત્યનું સ્વાગત કર્યું છે.

૭.

**હાજર છે દરબાર, હાજર છે રાજનીતિજ્ઞો,**
**હાજર છે યોધ્ધાઓ જગત તણા,**
**હાજર છે પાંચ-પાંચ પતિઓ અબળા તણા,**
**ચીર ખેંચયાં અબળાના ભરસભામાં,**
**સૂમસામ, ચૂપચાપ આંખો બધી જોતી રહી.**

**વ્યાખ્યા :-** ધૃતરાષ્ટ્રનો દરબાર ચિક્કાર ભરાયો છે, રાજનીતિજ્ઞો ઉપસ્થિત છે, લોખંડી યોધ્ધાઓ હાજર છે. પાંડુપુત્રો પાંચે ય હાજર છે. યુધિષ્ઠિર જુગારમાં દુર્યોધનથી હારેલા, થાકેલા, સૂમસામ, ચૂપચાપ બેઠા છે. દ્રોપદીના ચીર દુ:શાસને ખેંચ્યા છે, ભરસભામાં...બધી જ આંખો જોતી રહી ગઇ છે.

દરબાર સઘળો આંધળો છે, જોતી આંખો મૂઢ છે. લાચારી અને નિરાધારપણા સિવાય કશું જ દૃષ્ટિગોચર થતું નથી. ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય જેવા વીરભદ્રો સઘળા ધર્મરાજા સહિત સર્વે ધૃતરાષ્ટ્રના

ચશ્મે ચઢેલ છે. સ્ત્રી-દાક્ષિણ્ય કારમી કસોટીની એરણે ચઢી ગયું. ધૃતરાષ્ટ્રની કર્મેન્દ્રિય અંધ છે. અંધનું કર્મ ધૂંધળું બની ગયું છે. આધળું વડીલત્વ કુટુંબને, સમાજને અને રાષ્ટ્રને ખાડે જ લઇ જાય . સત્ય અને ગૌરવને વિદાય લેવી જ પડે. વિદૂર અને કૃષ્ણ આ સભામાં હાજરી ના આપી શકે, પણ કૃષ્ણને તો અંતે છુટકો જ નથી-પ્રેમ-ભક્તિને વશ છે. અંતરિક્ષમાંથી દ્રૌપદીના ૯૯૯ ચીર પૂરવાં પડયાં , વચન નિભાવ્યું. 'છરી થકી શેલડી છોલતાં હાથ બેઠી'. દ્રૌપદીએ સાડીનો છેડો ફાડીને પાટો બાંધ્યો. પાટાના તાણા-વાણાની સંખ્યા ૯૯૯ થઇ હતી...**संभवानि युगे युगे**....!

૮. **મદદ પોકારતી અબળા, સ્થિત પ્રજ્ઞ સબળા,**
**હાર્યા હતા યુધિષ્ઠિર દ્રૌપદીને જુગારમાં,**
**શરત ન હતી જાહેરમાં ચીર ખેંચવાની,**
**મતિ ભ્રષ્ટ થઇ**
**ક્યાં ગઇ રાજનીતિ, નારીને મદદ કરવાની ?**

**વ્યાખ્યા :-** રાજયોગી-કવિના હૃદયને હજુ તૃપ્તિ થઇ નથી. 'ક્યાં ગઇ રાજનીતિ નારીને મદદ કરવાની ?' આ પ્રશ્ન સારા ય સમાજને-ગજ-ગજ છાતી ફૂલાવતી હસ્તિઓને છે. સમાજ પ્રાચીન હોય કે અર્વાચીન હોય, એક જ હાલત હજુ પણ કાયમ રહી છે. ક્યા સમાજને ભદ્રસમાજ કહીશું ? સ્ત્રીને સાધન સમજનાર રાજાશાહી સમાજ પાસે તેના નારાયણીપણાને સન્માનવાની, સ્વીકારવાની, સમજવાની ક્ષમતા છે ? કવિહૃદય દર્દથી થરથરે છે, દૂભે છે.

૯. **શ્રીકૃષ્ણ આવ્યા, ચીર પૂરા કર્યા,**
**શ્રીકૃષ્ણને બંધન ન હતું કોઇ વાતનું,**
**શ્રીકૃષ્ણ નારી તણી વહારે ધાયા હતા,**
**શ્રીકૃષ્ણે શા માટે શિક્ષા ન કરી દુ:શાસનને ?**

**વ્યાખ્યા :-** કૃષ્ણે દ્રૌપદીના ચીર પૂર્યા, લાજ અકબંધ રાખી. ગૌરવગિરાને ઝાંખપ ન આવવા દીધી. શ્રીકૃષ્ણને કોઇ વાતનું બંધન ન હતું. કૃષ્ણ પરમાત્મા છે. પૂર્ણ પુરૂષોત્મ છે. કાર્યકારણના તત્ત્વદર્શી છે. દુ:શાસનને હજુ કુરૂક્ષેત્રમાં લઇ જવાનો છે. દુ:શાસનને સુશાસનનો સ્પષ્ટ અને સાચો અર્થ સમજાવવો છે, દુર્બુધ્ધિનું પરિણામ બતાવવું છે. **बुद्धिनाशात् विनश्यति** નું સત્ય જ તેને ગળી જશે તેનું પ્રતિપાદન કૃષ્ણે કરવાનું છે. આમ તો તેમણે બધાંને મારી મૂક્યા જ છે ! ઈશ્વરે પોતાને કાળ પણ કહ્યો છે. યુગે-યુગે તે આવે છે. સાધુજનોને ઉગારવા ચોક્કસ, પરંતુ દુષ્કર્મીઓના વિનાશ માટે પણ તે છે. ફક્ત એક જ દુ:શાસનને શિક્ષા આપવાથી સમગ્ર કામગીરી પરિપૂર્ણ થતી નથી. દુ:શાસનના સમૂહને શિક્ષા-તેમાં ભીષ્મ પણ હોય, દ્રોણ પણ હોય.

૧૦. **મારી શીખ બંધુઓને જુગાર કદી રમવો નહિ,**
**જુગાર તો ખુવાર, એ સત્ય ભુલવું નહિ.**

**વ્યાખ્યા :-** કવિનું દોહન છે, શીખ છે કે જુગાર કોઇએ ખેલવો નહિ-તે ખુવારી છે, વિનાશ છે. આ સત્ય છે અગ્નિ સરિખું.

૧૧. આમંત્રણ લાક્ષાગૃહનું નિકંદન કાજ,
બચાવ્યા કુદરતે અસુરોના સંહાર કાજ,
અગમચેતી સાધી લીધી હોત
સમુદ્ર તણું તોફાન શાંત થઇ જાત.
શીખ એટલી કે
પારખો સમય.ને સ્વબુધ્ધિથી.

**વ્યાખ્યા :-** રાજયોગીનું તારણ છે-'પારખો સમયને સ્વબુધ્ધિથી'. માનવીને બુધ્ધિ એ પરમાત્માની અમૂલ્ય ભેટ છે. અન્ય જીવો બુધ્ધિથી વિમુખ છે. પરમાત્મા કહે છે-**कालोस्मि**-હું કાળ છું. કાળ એક અર્થમાં 'સમય' પણ છે. બુધ્ધિને સાધન બનાવી હૃદયને પરમાત્મામાં જોડો. જગતની સર્વ પ્રાર્થનાઓ 'સદ્‌બુધ્ધિ' પ્રાર્થે છે. સદ્‌બુધ્ધિ સિવાય નાવને સાચી દિશા નથી મળતી. દરિયાના તોફાનની અગમચેતી જો સાગર ખેડૂઓને મળે ને છતાંય ખેવૈયા સાગરની ખ્વાહીશ પૂરી કરવા સાગરમાં કૂદી પડે તો તોફાનનો શુધ્ધ હેતુ આપોઆપ પરિપૂર્ણ થઇ જાય છે જીવનની આ હાલત તર્ક વિહિનતા છે, કરૂણતા છે. સમયની પરખ સાધે તે શુધ્ધબુધ્ધિ. રાજયોગીનાં આ અને આવા પુનઃ-ઉચ્ચારણો અમૂલ્ય છે-જીવન ઘડતર છે.

૧૨. દુર્યોધનને શકુનિને નાથ્યા હોત,
મહાભારત-સંહાર થંભી જાત.
પિતા તણા આંધળા પ્રેમને સહારે
ધારણ કર્યો કપટ તણો અશ્વ દુર્યોધને
શીખ એટલી
પ્રેમને પણ લાલ આંખ ધારણ કરવી પડે.

**વ્યાખ્યા :-** દુર્યોધનને અને શકુનિને સમજણ ને શાણપણનો ભાર વહન કરનાર વડીલવર્ગે જો રોક્યા હોત તો સંહાર રોકાઇ જાત કલંકની કાળી ટીલી કપાળે ના લાગત. ધૃતરાષ્ટ્રનો એકતરફી, અંકુશ વિનાનો, સત્યના રણકા વિનાનો,બોદો સતત પ્રેમઅભિષેક જો દુર્યોધન પર ના નાખ્યો હોત તો ચિત્ર સુરેખ બનત, રંગીન બનત. કૃષ્ણની આજુબાજુ ટોળે વળીને બોલવા મળત. વૃંદાવન રચાત. ભીષ્મ, દુર્યોધન, ધૃતરાષ્ટ્ સૌનાં હાથમાં ડાંડીયાં હોત. પ્રેમ સ્વયં આંધળો છે. પ્રેમીહૃદય કઇંક વધુ આંધળું છે. પણ ધૃતરાષ્ટ્ સમૂળો અંધ છે, અંતરથી, બુધ્ધિથી, ચક્ષુથી, અંધ આંખમાં કદી લાલાશ જન્મે ખરી ? અંધ આંખ તો કેવળ ઘોર અંધારૂં છે. પ્રેમ ભણવા માટે કદીય કોઇ ગોકુળ કે વૃંદાવન ગયું હતું ? કોઇ ગોપી પાસે, રાધા પાસે કે યશોદા પાસે ચરણ ચૂમવા ગયું હતું ? અરે, કૃષ્ણ સ્વયં ત્યાં હાજર હતા...પ્રેમની કેવળ વ્યાખ્યા શું, ગ્રંથના ગ્રંથ સંભળાવત, લખાવત. કૃષ્ણની પ્રાર્થના કરી હોત તો તે પોતે જ તેમની સાથે પ્રેમ કરી બતાવત. પ્રેમનો પરમ અભિનેતા એટલે કૃષ્ણ. પરમપ્રેમને પ્રતિપળે જીવનાર એટલે કૃષ્ણ. કૃષ્ણ એટલે પ્રેમનો સર્વોચ્ચ શિલ્પી. મીરાંને ઘૂંઘર બાંધવી પડે, નરસિંહને હાથમાં કિરતાલ લેવી પડે, રાજયોગીએ હાથમાં ડાંડીયા લઇ બિન્ધાસ્ત ઘૂમવું જ પડે. આ પળોને પ્રેમની પળો કહેવી જ પડે.

જે ગગનને સૂર્યને સત્કારવાની કોઇ દિવસ તમન્ના ના હોય તે ગગનમાં ક્યારેક લાલી સંભવી શકે

ખરી ? ધૃતરીષ્ટ્ અસ્પૃશ્ય છે, તેની અસત્કારવૃતિ છે. જે ચિત્તમાં પારાવાર અહમ્-મમ છલકાઇ રહ્યું હોય તે ચિત્તમાં કયારેય સદ્‌બુધ્ધિ કે સત્ય નિવાસ ના કરી શકે. 'ધખન્તા ધોમમાં ગગને કદી દેખાય લાલી ના'-ધૃતરાષ્ટ્નું ચિત્તાકાશ આવું છે લાલ આંખ કેવી રીતે કરી શકે ? વેદના ઋષિએ ગાયું છે, 'અમને દૂરિતથી બચાવો અને ભદ્રમાં ભેળવો !' પરંતુ બેઉની ધક્કામૂક્કી હોય ત્યાં રામાયણ-મહાભારત જ રચાય

૧૩. **અર્જુન લાવ્યો દ્રૌપદીને બાહુબળથી,**
**વરમાળા પહેરાવી અર્જુનને પ્રેમથી,**
**શા માટે દ્રૌપદીને પાંચ પતિઓ તણો ભાર ?**
**શું હતી રાજનીતિ નારીઓને બહુપતિઓની ?**
**જગતમાં સૂર્યના ઉદયથી આજદીન**
**આ ગણિત તણો દાખલો ક્યાંયે નિહાળ્યો નથી.**

**વ્યાખ્યા :-** અર્જુન સ્વયંવર જીત્યો. દ્રૌપદીને 'સ્વ' તાકાતથી લાવ્યો. દ્રૌપદીએ પ્રતિભાવ આપ્યો પ્રેમથી વરમાળા અર્પીને. છતાંય દ્રૌપદીને શિરે પાંચ પતિઓ, પાંચ પાંડવોનો ભાર વહન કરવાનું નિમિત્ત બન્યું. રાજનીતિ આવી હતી કે નારીએ બહુપતિત્ત્વ સ્વીકારવું ? આ કાયદાનું શાસન હતું ? આદિકાળથી ચાલી આવતી જગતની રીતિ-નીતિના ગણિતનો આ દાખલો-કોયડો કયાંક જોયો નથી.

અર્જુન સૌ પ્રથમ સ્વંયવર જીત્યો હતો. તાકાતવીર-અજોડ તીરંદાજ તરીકે જગતે તેને સ્વીકાર્યો હતો. અને તાળીઓના ગડગડાટની વચ્ચે દ્રૌપદીની ભેટ આપી દીધી હતી. દ્રૌપદી અને અર્જુનનું પ્રેમકરણ, રાધાકૃષ્ણ, દુષ્યન્ત-શકુન્તલાનુ જેમ અગાઉ જાણવા મળ્યું નથી. માછલીની આંખ વીંધાતા જ કદાચ દ્રૌપદીના અંતરમાં અર્જુન માટે પ્રેમઅંકરો ફૂટયા હોય તો નવાઇ નહિં. પ્રેમલગ્ન ન હતું, લગ્નપ્રેમ નિવારી-નકારી શકાય નહિ. અર્જુન આમ તો જિંદાદિલ પ્રેમી આદમી હતો. હૃદય ઔદાર્યનો સાગર હતો. પરંતુ રાજવી તો હતો જ. રાજમહેલોની શિસ્ત, રસ્મોરિવાજો તેના ઉપર લદાયેલા જ હતાં. અર્જુન દ્રૌપદીને 'પત્ની'-ભેટ તરીકે સ્વીકારીને માતા કુંતી સમક્ષ બે હાથ જોડીને ઊભો છે. "મા, વીરત્વનું ઇનામ લાવ્યો છું." માતા રાજમાતા હતી. "બેટા, ભેટ લાવ્યો છું તો પાંચે ભાઈઓ સરખે ભાગે વહેંચી લો." દ્રૌપદી પાંચ પતિઓની પટરાણી બની. કૃષ્ણ એક જ હતા અને ૧૬૧૦૮ રાણીઓ તેમને હતી. સમાજમાં બંને હકીકતો એક જ સમયે વિદ્યમાન હતી. 'સમરથકો નહિ દોષ ગોંસાઇ'. રાજા ખોટું કરી ના શકે. રાજા કાયદાથી પર છે. રાજા પૃથ્વી પરનો ઇશ્વર સમાન છે. રાજાના શાસનનો કાયદો આવું બધું જ કરી શકે. કાયદાના શાસનને રાય-રંક શબ્દો અજાણ્યા છે. જગતના શાસકસમાજને આદિ અનાદિથી આ ગણિત પચી છે, જચી ગયું છે, અને રૂચિ ગયું છે. અપવાદ કેવળ રામે સર્જ્યો કારણ કે રામ માનતા હતા કે સાધક, સાધન અને સાધ્ય ત્રણે ય પવિત્ર હોવા જોઇએ. કૃષ્ણ માનતા હતા કે સાધ્ય ચોક્કસપણે ઉચ્ચ અને પવિત્ર જોઇએ. સાધન પાસે આવી અપેક્ષા રાખવી વ્યાવહારિક નથી. રાજયોગી રામના જીવન વ્યવહારમાં ઓત-પ્રોત છે. એટલે દ્રૌપદીના પાંચ પતિઓનું શાસ્ત્ર તેમને સ્વીકાર્ય નથી. આ કડવો ઘૂંટડો તે ગળી શકતા નથી.

શાસ્ત્ર શાસ્ત્ર હોય તે સમાજમાં દ્રૌપદીઓ, રૂક્ષ્મણિઓ અનેક જ હોય કે એક દ્રૌપદીને પાંચ

પાંડવપતિઓ હોય પણ યાદ રહે "રાધા" એક જ હોઇ શકે.

૧૪. **ગાંધારીને આંખે હતા પાટા**
**બુધ્ધિ તણા પાટ ખુલ્લા હતા.**
**ગાંધારીને જાણ હતી-ભાઈ કપટી હતો,**
**ગાંધારીને જાણ હતી-મામા-ભાણેજના ષડયંત્રની,**
**ગાંધારીએ આમંત્રણ દીધું દુર્યોધનને**
**વજ્ર સરીખો કરવા**
**ગાંધારીએ સ્વાર્થ કાજ પુત્રપ્રેમ આગળ ધર્યો.**

**વ્યાખ્યા :-** ગાંધારીની આંખે પાટા બાંધેલા હતા. રાજયોગી કહે છે કે બુધ્ધિ તણા પાટા છતાં-ખુલ્લાં હતાં. ભાઈ શકુનિની કપટલીલાથી ગાંધારી સુવિદિત હતી. પાંડવોને અસત્યથી પરાસ્ત કરવાનું ષડયંત્ર મામા-ભાણેજે રચ્યું હતું. પુત્રપ્રેમી ગાંધારીએ યુધ્ધે ચઢતા પુત્ર દુર્યોધનને વજ્રદેહી બનાવવા તેને આશિર્વાદ લેવા આમંત્રણ આપ્યું. સ્વાર્થપ્રેરિત ગાંધારીએ સત્ય, ન્યાય કરતાં ય પુત્રપ્રેમ-પુત્રનો વિજય જ આગળ ધર્યો.

કેવળ પ્રેમ ચોક્કસ અર્થમાં નિર્દોષ અંધ છે પણ પ્રેમના પાત્રમાં છાંટો ય જો સ્વાર્થનો પડી જાય તો પ્રેમ અમૃત મટી જાય, વિષ બને, કેવળ મોહમાં પરિવર્તિત થઇ જાય. મોહને કટ્ટરવાદી બને જ છુટકો છે. મોહના અરીસામાં કદી સત્ય કે ન્યાયના મુખ દેખાતાં નથી. ફક્ત દુર્યોધન-સ્વાર્થ ને કપટનો જ ચહેરો ઉપસી આવે છે. ગાંધારીની શક્તિ-સામર્થ્ય દુર્યોધનને જ વજ્રદેહી બનાવવા દોડી જાય છે, તે સ્વાભાવિક હકીકત છે. ગાંધારી પુત્રપ્રેમી બને તેમાં આશ્ચર્ય નથી. બુધ્ધિનો પાટો ખુલ્લો હોવા છતાં મોહનું આવરણ તેને એકપક્ષીય બનાવે છે. યુધિષ્ઠિર અને અર્જૂનની છબીઓ તેની આંખ સ્વીકારી શકતી નથી. મનની આંખ ખુલ્લી નથી...**बुद्धि कर्मानुसारिणि**.....!

૧૫. **શર્ત ફક્ત એક ગામની પાંડવો થકી**
**ટસનો મસ ન દુર્યોધન**
**બતાવી હોત લાલ આંખ**
**દ્રોણાચાર્યે, ભીષ્મે, ધૃતરાષ્ટ્રે સહિયારી**
**ભવિ અન્ય ઘડાત**
**અન્ય ઇતિહાસ છપાત.**

**વ્યાખ્યા :-** પાંડવોની માગણી ફક્ત એક ગામ તેમને મળે તેટલી જ હતી. દુર્યોધન સોયની અણી સમું પણ પણ આપવા તૈયાર નથી. જો ભીષ્મ, ધૃતરાષ્ટ્ર અને દ્રોણાચાર્ય જેવાએ દુર્યોધન સામે સહેજ જ લાલ આંખ બતાવી હોત તો ભાવિ કઇંક જુદું જ હોત, ઈતિહાસની તવારીખ અનેરી હોત, કવિ હતાશ છે. નારાજ છે, માંધાતાંઓની તર્કશક્તિથી-વિવેકબુધ્ધિથી-ન્યાયબુધ્ધિથી, મતિને ભ્રષ્ટતાનો એરૂ આભડી જાય પછી શતમુખવિનિપાતનુંજ નિર્માણ થાય. દુર્યોધનની જેમ આ બુઝર્ગો પણ "**जानामि धर्मं न च मे प्रवृत्तिः, जानामि अधर्मं न च मे निवृत्तिः।** " આ સનાતનથી અગળા ના રહી શકે. કૃષ્ણ વારંવાર તેમના મન

પાસેથી લટાર મારી જાય છે. પરંતુ તેમને મન તે વિપક્ષી છે, એટલે તેમનું નિર્દોષ હાસ્ય, પ્રેમાલાપ પણ કપટી ભાસે છે. લાલ આંખ કોણ બતાવે ? ઈતિહાસના ઉજ્જવળ પાનાં કોણ લખે? ભાવિના ઘડવૈયાઓ ખુદ ગુલતાન છે ચોપાટમાં કુરુક્ષેત્રમાં થઈ ગયું 'દુધ નું દુધ, પાણીનું પાણી' કૃષ્ણ સમજાઈ ગયા. દુર્યોધન તો આસમૃધ્ધ હતો જ પાંડવોને, હક્કદારને પગ મુકવા એક ગામ પણના આપી શક્યો. દુર્યોધન અને માનવતા ! આ તો ભાંગના પ્યાલામાં તુલસી જેવી વાત થઈ.

૧૬. **વિશ્વનો તારણ હાર સારથિ**
**રહ્યો સારથિ અર્જુન તણો**
**સત્યતરફી વિજય અર્પી**
**અર્જુનને ઉતારી રથમાંહીથી**
**ઉતર્યો યુધ્ધનો કીમીયાગાર**
**અર્જુને નજરે નિહાળી**
**રથ તણી ભસ્મ.**

**વ્યાખ્યા :** વિશ્વના તારણહાર શ્રીકૃષ્ણ કુરુક્ષેત્રે અર્જુનના રથના સારથિ બન્યા. **सत्यमेव जयते।** નગારાં પોકાર્યા. જયજયકાર કર્યો. અર્જુનને રથમાંથી પહેલો ઉતાર્યો અને પછી પોતે ઉતર્યા, અને...અર્જુને નિહાળી રથની ભસ્મ, રાખોડી...

રાજયોગી આ પંક્તિઓ દ્વારા ઘણું ય કહી જાય છે. યુધ્ધની ભયાનકતા, યુધ્ધનું પરિણામ, યુધ્ધનાં અવશેષ...

સમાજના-રાજમહેલના શિષ્ટાચારોને અવગણીને પણ શ્રીકૃષ્ણે અર્જુનને રથમાંથી પોતાનાથી પહેલો ઉતાર્યો. ખરેખર તો શ્રીકૃષ્ણે સારથિની ફરજ તરીકે પહેલાં ઉતરી જઇને પછીથી અર્જુન ઉતરી શકે તે અર્થે રથનું દ્વાર ખોલવું જોઇતું હતું. કૃષ્ણે કહ્યું તેમ અર્જુને કર્યું...**करिष्ये वचनं तव**...।

અર્જુન ઉતર્યો. કૃષ્ણ ઉતર્યા કે તરત જ રથ અશ્વો સહિત ધગધગતી રાખ થઇને ઢગલો થઇ પડયો. પરમાત્મા પોતાના ભક્તને ખાતર, આશ્રિતને ખાતર ઘણીવાર નિયમ પણ તોડે છે. અપવાદ સર્જે છે. ઋણ પણ પોતાના શિરે લઇ લે છે. એટલે તો તેને વિશ્વનો તારણહાર કહ્યો છે. જે કોઇ જીવનરથનો સારથિ ખુદ પરમાત્મા હોય તે રથ સુરક્ષિત જ રહે, હેમખેમ રહે. રાજયોગીનો જીવનરથ જન્મથી જ આજ પર્યંત મા ગાયત્રીએ જ હંકાર્યો છે. અશ્વોની લગામોની માલિકી મા ગાયત્રીએ જ રાખી છે.

૧૭. **જાણ હતી શ્રીકૃષ્ણને ને કુન્તીને**
**કર્ણ કોણ હતો ?**
**સંબોધન સૂતપુત્રનું**
**ખામોશ બંને જણ**
**યુધ્ધસમયે પ્રગટ કર્યો**
**જન્મ તણો ભેદ**
**પાણી બહુ વહી ગયું**

**પાળ ન બંધાય**
**નિયમ સંસારી તણો**
**ગરજ પડે હાથજોડ.**

**વ્યાખ્યા :-**શ્રીકૃષ્ણ અને માતા કુન્તી બંને જણ કર્ણનો આખો ય ઇતિહાસ જાણતાં હતાં છતાં યુધ્ધસમય સુધી વાત પર પડદો રાખી રહ્યાં હતાં. તેને 'સુતપુત્ર' તરીકે જ જગતે ઓળખ્યો. સંતાનની પ્રથમ સાક્ષી માતા છે. યુધ્ધ આવ્યું. દહેશત દઢ થઇ કે કર્ણ મિત્ર દુર્યોધનને પક્ષે જરૂર જશે, તેને મદદ કરશે અને વિજયી બનાવવામાં મહત્તમ ફાળો આપશે. ત્યારે હાથ જોડીને કુન્તીએ, કૃષ્ણે ઘટસ્ફોટ કર્યો કે કર્ણ તો અર્જુનનો ભાઈ છે. રણધીર કર્ણ છેવટે અર્જુનની સામે યુધ્ધે ચઢવા નાઇલાજ, લાચાર થઇ ગયો. અર્જુનની પ્રતિષ્ઠા જળવાઇ. યુધ્ધનું ગૌરવ જળવાયું. દુર્યોધનના અહંકાર-પ્રતિનિધિત્વનો હ્રાસ થયો. ગાંડીવગરિમા ગગનચુંબી બની. ગીતા ગગન આંબી ગઇ, કૃષ્ણનું કાળચક્ર પૂરું થયું. રાજયોગી શીખવે છે યોગ્ય વાણી, યોગ્ય સમયે, યોગ્ય રીતે રજૂ કરાય તો શુભફળ ચોક્કસ પ્રાપ્ત થાય છે.
કુરૂક્ષેત્ર ભૂતકાળમાં વિલીન થયું...કૃષ્ણે દ્વારિકા પ્રતિ પ્રયાણ કર્યું... **बलीयसी केवलं ईश्वरेच्छा ।।**


## પૂ. રાજયોગી નરેન્દ્રજીની મુલાકાત

આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈ પણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ કે સમ્પ્રદાયનાં બંધનો સિવાય, વિનામૂલ્યે પૂ. રાજયોગી નરેન્દ્રજીની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પૂજ્યશ્રીની પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ દરરોજ અડધો કલાક પરમશક્તિ મંત્રજાપને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

**મુલાકાત સ્થળ** : 'નીલોષા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૧૫.

**સમય** : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે મુલાકાત બંધ

**પૂ. રાજયોગી નરેન્દ્રજી આપના પત્રો વાંચે છે. પરંતુ લેખિત જવાબ પાઠવતા નથી.**

શારીરિક-માનસિક તકલીફવાળા દરેક વ્યક્તિએ સ્વચ્છ કરેલી બે ચમચી મેથી અને બે ચમચી રાઈ એક મહિના માટે અભિમંત્રિત કરાવવા સાથે લાવવાં જરૂરી છે. પાણીની બાટલી સાથે લાવવી જરૂરી નથી.

**આધ્યાત્મિક કેડી**
**આપનું લવાજમ રીન્યુ કરાવી લેશો.**

# પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો વિદેશનો કાર્યયજ્ઞ

## અપ્રિલ થી જૂન ૧૯૯૭

| તારીખ | વાર | સમય | આયોજક | સ્થળ | ટેલીફોન |
|---|---|---|---|---|---|
| ૨૮-૪-૯૭ | સોમવાર | - | કીરીટભાઇ પટેલ | કોલોનીયા ન્યુ જર્સી | ૯૦૮-૩૮૮-૨૪૬૧ |
| ૨૯-૪-૯૭ | મંગળવાર | ૬ - ૮ સાંજે | કીરીટભાઇ પટેલ | કોલોનીયા ન્યુ જર્સી | ૯૦૮-૩૮૮-૨૪૬૧ |
| ૩૦-૪-૯૭ | બુધવાર | ૬ - ૮ સાંજે | કીરીટભાઇ પટેલ | કોલોનીયા ન્યુ જર્સી | ૯૦૮-૩૮૮-૨૪૬૧ |
| ૧-૫-૯૭ | ગુરૂવાર | ૬ - ૮ સાંજે | કીરીટભાઇ પટેલ | કોલોનીયા ન્યુ જર્સી | ૯૦૮-૩૮૮-૨૪૬૧ |
| ૨-૫-૯૭ | શુક્રવાર | - | - | ન્યુ જર્સીથી શીકાગો | - |
| ૩-૫-૯૭ | શનિવાર | ૫ - ૮ સાંજે | કાન્તીભાઈ પટેલ | ઇલ્કગ્રોવ ઇલી. | ૮૪૭-૯૮૫-૦૮૬૪ |
| ૪-૫-૯૭ | રવિવાર | ૫ - ૮ સાંજે | કાન્તીભાઈ પટેલ | ઇલ્કગ્રોવ ઇલી. | ૮૪૭-૯૮૫-૦૮૬૪ |
| ૫-૫-૯૭ | સોમવાર | ૫ - ૭ સાંજે | કાન્તીભાઈ પટેલ | ઇલ્કગ્રોવ ઇલી. | ૮૪૭-૯૮૫-૦૮૬૪ |
| ૬-૫-૯૭ | મંગળવાર | - | કાન્તીભાઈ પટેલ | ઇલ્કગ્રોવ ઇલી. | ૮૪૭-૯૮૫-૦૮૬૪ |
| ૭-૫-૯૭ | બુધવાર | - | કાન્તીભાઈ પટેલ | ઇલ્કગ્રોવ ઇલી. | ૮૪૭-૯૮૫-૦૮૬૪ |
| ૮-૫-૯૭ | ગુરૂવાર | ૬ - ૮ સાંજે | સુરેશભાઇ પટેલ | ઈન્વાન્સવીલ-ઇન્ડિયાના | ૮૧૨-૪૨૪-૩૫૬૬ |
| ૯-૫-૯૭ | શુક્રવાર | ૬ - ૮ સાંજે | બાલુભાઇ પટેલ | શેલ્બીવીલ-ટેનીસી | ૬૧૫-૬૮૪-૩૧૦૧ |
| ૧૦-૫-૯૭ | શનિવાર | ૬ - ૮ સાંજે | બાલુભાઇ પટેલ | શેલ્બીવીલ-ટેનીસી | ૬૧૫-૬૮૪-૩૧૦૧ |
| ૧૧-૫-૯૭ | રવિવાર | ૧૧-૨ | પરમશક્તિ યજ્ઞ | | |
| ૧૨-૫-૯૭ | સોમવાર | - | - | - | - |
| ૧૩-૫-૯૭ | મંગળવાર | ૬ - ૮ સાંજે | પુષ્પાબેન કે. પટેલ | શાર્લોટ નોર્થ-કે | ૭૦૪-૫૨૭-૪૨૧૮ |
| ૧૪-૫-૯૭ | બુધવાર | ૬ - ૮ સાંજે | પુષ્પાબેન કે. પટેલ | શાર્લોટ નોર્થ-કે | ૭૦૪-૫૨૭-૪૨૧૮ |
| ૧૫-૫-૯૭ | ગુરૂવાર | - | દેવબાળા કે. પટેલ | વર્જીનીયાબીચ વર્જી | ૮૦૪-૪૨૮-૨૯૨૨ |
| ૧૬-૫-૯૭ | શુક્રવાર | - | દેવબાળા કે. પટેલ | વર્જીનીયાબીચ વર્જી | ૮૦૪-૪૨૮-૨૯૨૨ |
| ૧૭-૫-૯૭ | શનિવાર | - | દેવબાળા કે. પટેલ | વિલ્યમ્સબર્ગ વર્જી | ૮૦૪-૨૨૯-૪૯૩૩ |
| ૧૮-૫-૯૭ | રવિવાર | - | દેવબાળા કે. પટેલ | વિલ્યમ્સબર્ગ વર્જી | ૮૦૪-૨૨૯-૪૯૩૩ |
| ૧૯-૫-૯૭ | સોમવાર | - | દેવબાળા કે. પટેલ | કોલોનીયા ન્યુ જર્સી | ૯૦૮-૩૮૮-૨૪૬૧ |
| ૨૦-૫-૯૭ | મંગળવાર | - | દેવબાળા કે. પટેલ | કોલોનીયા ન્યુ જર્સી | ૯૦૮-૩૮૮-૨૪૬૧ |
| ૨૧-૫-૯૭ | બુધવાર | ૬ - ૮ સાંજે | રતિલાલ મીસ્ત્રી | યુનીયનસીટીન્યુજર્સી | ૨૦૧-૮૬૫-૭૨૮૨ |
| ૨૨-૫-૯૭ | ગુરૂવાર | ૬ - ૮ સાંજે | રતિલાલ મીસ્ત્રી | યુનીયનસીટીન્યુજર્સી | ૨૦૧-૮૬૫-૭૨૮૨ |
| ૨૩-૫-૯૭ | શુક્રવાર | ૬ - ૮ સાંજે | રતિલાલ મીસ્ત્રી | યુનીયનસીટીન્યુજર્સી | ૨૦૧-૮૬૫-૭૨૮૨ |
| ૨૪-૫-૯૭ | શનિવાર | ૬ - ૮ સાંજે | રતિલાલ મીસ્ત્રી | યુનીયનસીટીન્યુજર્સી | ૨૦૧-૮૬૫-૭૨૮૨ |
| ૨૫-૫-૯૭ | રવિવાર | ૬ - ૮ સાંજે | દેવબાળા કે. પટેલ | કોલોનીયા ન્યુજર્સી | ૯૦૮-૩૮૮-૨૪૬૧ |
| ૨૬-૫-૯૭ | સોમવાર | - | દેવબાળા કે. પટેલ | કોલોનીયા ન્યુજર્સી | ૯૦૮-૩૮૮-૨૪૬૧ |
| ૨૭-૫-૯૭ | મંગળવાર | - | દેવબાળા કે. પટેલ | કોલોનીયા ન્યુજર્સી | ૯૦૮-૩૮૮-૨૪૬૧ |
| ૨૮-૫-૯૭ | બુધવાર | - | દેવબાળા કે. પટેલ | કોલોનીયા ન્યુજર્સી | ૯૦૮-૩૮૮-૨૪૬૧ |

**૩૧-૫-૯૭ થી ૧૦-૬-૯૭ ઈંગલેન્ડમાં કાર્યયજ્ઞ વધુ વિગત માટે પૂછો પ્રદીપ વડેરા ૦૧૧૬-૨૩૫૪-૬૧૧**

## જુલાઈ થી ઓગષ્ટ ૧૯૯૭

| તારીખ | વાર | સમય | સ્થળ | આયોજક | ટેલીફોન |
|---|---|---|---|---|---|
| ૨૬-૭-૯૭ | શનિવાર | - | લેસ્ટર | - | ૦૧૧૬-૨૩૫૪-૬૧૧ |
| ૨૭-૭-૯૭ | રવિવાર | - | લેસ્ટર | - | - |
| ૨૮-૭-૯૭ | સોમવાર | - | લંડનથી ન્યુજર્સી | અમેરીકા | - |
| ૨૯-૭-૯૭ | મંગળવાર | - | ન્યુજર્સી કોલોનીયા | - | ૯૦૮-૩૮૮-૨૪૬૧ |
| ૩૦-૭-૯૭ | બુધવાર | - | ,, | - | - |
| ૩૧-૭-૯૭ | ગુરૂવાર | - | ,, | - | - |
| ૧-૮-૯૭ | શુક્રવાર | - | ,, | - | - |
| ૨-૮-૯૭ | શનિવાર | - | ,, | - | - |
| ૩-૮-૯૭ | રવિવાર | - | ,, | - | - |
| ૪-૮-૯૭ | સોમવાર | - | ન્યુજર્સી લંડન | - | - |
| ૫-૮-૯૭ | મંગળવાર | - | લંડનથી લેસ્ટર | - | - |
| ૬-૮-૯૭ | બુધવાર | - | લેસ્ટર | - | - |
| ૭-૮-૯૭ | ગુરૂવાર | ૪ - ૭ | વેમ્બલી લંડન | અમરતલાલ પોપટ | ૦૧૮૧-૯૦૨-૩૦૨૯ |
| ૮-૮-૯૭ | શુક્રવાર | ૪ - ૭ | ,, | ,, | ,, |
| ૯-૮-૯૭ | શનિવાર | ૪ - ૭ | ,, | ,, | ,, |
| ૧૦-૮-૯૭ | રવિવાર | - | - | સવિતાબેન પટેલ | ૦૧૮૧-૯૦૩-૩૫૭૪ |
| ૧૧-૮-૯૭ | સોમવાર | - | ક્રોયડન લંડન | જયોતિબેન પરમાર | ૦૧૮૧-૬૭૯-૮૬૬૮ |
| ૧૨-૮-૯૭ | મંગળવાર | - | લેસ્ટર | - | - |
| ૧૩-૮-૯૭ | બુધવાર | - | લેસ્ટર | - | - |
| ૧૪-૮-૯૭ | ગુરૂવાર | ૪ - ૭ | લેસ્ટર | - | - |
| ૧૫-૮-૯૭ | શુક્રવાર | ૪ - ૭ | લેસ્ટર | - | - |
| ૧૬-૮-૯૭ | શનિવાર | ૪ - ૭ | લેસ્ટર | - | - |
| ૧૭-૮-૯૭ | રવિવાર | ૪ - ૭ | બ્રેડ ફોર્ડ | સવિતાબેન પટેલ | - |
| ૧૮-૮-૯૭ | સોમવાર | - | લેસ્ટર | - | - |
| ૧૯-૮-૯૭ | મંગળવાર | - | લેસ્ટર | - | - |
| ૨૦-૮-૯૭ | બુધવાર | - | લેસ્ટર | - | - |